# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

## मध्यस्थभावो विपरीतवृत्तेः

જેમ નિર્મળ અરીસામાં પાસેની તમામ વસ્તુઓનું પ્રતિબિંબ પડે છે, તેમ મધ્યસ્થ માનવના મનમાં સમગ્ર-ધર્મના ગુણોનું પ્રતિબિંબ પડે છે. મધ્યસ્થ માનવો દોષોને તજી દઇને માત્ર ગ્રહણ કરવા જેવાં જ તત્ત્વોને ગ્રહણ કરે છે. વળી, ડાહ્યા માણસો મધ્યસ્થવૃત્તિને શાસ્ત્રોને ભણ્યા વિના જ બુદ્ધિમાં આવેલો સંસ્કાર કહે છે આંખ વિના જ વસ્તુઓને જોવાનું સાધન કહે છે અને આચાર્યની શિક્ષા વગર જ આવેલું પરમ ચાતુર્ય કહે છે. કોઇ માનવ ભલે ઓછા ગુણવાળો હોય તો પણ તે પોતાની મધ્યસ્થવૃત્તિને લીધે બીજા માનવોનો માનીતો-પૂજ્ય થઇ જાય છે, મિત્રોમાં ઉત્તમ મિત્ર બની જાય છે. એક મધ્યસ્થતાના ગુણને મેળવીને જીવો વેગથી સંસારસમુદ્રનો પાર પામી ગયેલા છે.

જે બુદ્ધિશાળી માનવ સર્વ પ્રકારના આગ્રહોનો ત્યાગ કરીને કેવળ એક મધ્યસ્થ ગુણને શરણે જાય છે તે ક્ષીરસમુદ્રની જેમ બધી સંપત્તિઓનું સ્થાન બને છે.

પુસ્તક ૫૬ અંક ૧-૨

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

કારતક-માગસર
સં. ૨૦૧

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विषयानुक्रम


| ક્રમાંક | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | मित्ती मे सव्वभूएसु | | ૧ |
| ૨ | વર્ષારંભે પ્રભુ સ્તુતિ | (વિ. મૂ. શાહ) | ૨ |
| ૩ | નૂતન વર્ષારંભે માંગલ્ય ભાવના | (વિ. સૂ. શાહ) | ૨ |
| ૪ | નૂતન વર્ષનું મંગલમય વિધાન | | ૩ |
| ૫ | ભક્તિ અને વિભક્તિ | (સાહિત્યચન્દ્ર બાલચંદ–માલેગામ) | ૯ |
| ૬ | અહિંસાની ત્રણ ધારાઓ | (પં. મુનિશ્રી શ્રીમલ્લજી મહારાજ) | ૧૦ |
| ૭ | મનનું પાપ | (મનસુખલાલ તારાચંદ મહેતા) | ૧૪ |
| ૮ | ધર્મગુરૂ અને ડૉક્ટર | (રૂપાં. ન. જ. ત્રિવેદી) | ૧૭ |
| ૯ | મિત્રા દૃષ્ટિની સઝાય | (સં. ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ) | ૨૦ |
| ૧૦ | સ્વીકાર અને સમાલોચના | | ૨૩ |
| ૧૧ | અવસાન નોંધ | | ટા. ૩ |



## જીવનને ઘડવામાં ઉપયોગી બે પ્રાણવાન પ્રકાશનો

## જ્ઞાનપ્રદીપ ભાગ (૧ થી ૩)

આ ગ્રંથમાં સ્વ. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજીએ લખેલા આધ્યાત્મિક લેખોનો સર્વ–સંગ્રહ રજુ કરવામાં આવ્યો છે.

લેખો એટલા ઊંડા અને તલસ્પર્શી છે કે તે વાંચનારને જૈન દર્શનશાસ્ત્રનો ઊંડો અભ્યાસ આપોઆપ થઈ જાય છે. ટૂંકામાં આત્મસિદ્ધિ માટે આ ગ્રંથ ખાસ વાંચવા મનન કરવા જેવો છે. લગભગ છસો પાનાનો આ ગ્રંથ મોટો હોવા છતાં તેની કિંમત માત્ર રૂા. ૮–૦૦ રાખવામાં આવેલ છે (રવાનગી ખર્ચ અલગ).


૨ કથારત્ન કોશ :–ભા. ૧–૨. આજ સુધીમાં પ્રગટ નહિ થએલ એવી કથાઓનો સંગ્રહ આ બન્ને ભાગમાં આપવામાં આવેલ છે. દરેક કથા સરળ શૈલિએ અને ધાર્મિક-સંસ્કાર પ્રેરતી રહે તે રીતે આલેખવામાં આવેલ છે.

તેના પ્રથમ ભાગની કિંમત રૂા. ૧૦–૦–૦ તથા બીજા ભાગની કિંમત રૂા. ૮–૦–૦ છે. એમ છતાં તે આપને અનુક્રમે રૂા. ૮–૦–૦ અને રૂા. ૬–૦–૦ થી આપવામાં આવશે. જ્યારે બન્ને ભાગના રૂા. ૧૮–૦–૦ને બદલે માત્ર રૂા. ૧૪–૦–૦ લેવામાં આવશે. (રવાનગી ખર્ચ અલગ.)

લખોઃ— **શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૫૯મું ] કારતક–માગશર તા. ૧૫-૧૨-૬૧ [ અંક ૧–૨

# मित्ती मे सव्वभूएसु

सव्वे पाणा पियाउया
सुहसाया दुक्ख पडिकूला।
अप्पियवहा जीविउकामा
सव्वेसिं जीवियं पियं ॥

બધા પ્રાણીઓને પોતાનું જીવન પ્રિય છે સુખ પ્રિય છે, તેઓ દુઃખને ચાહતા નથી. સૌ પોતાનો વધ ન ઇચ્છનારા પણ જીવવાની ઇચ્છાવાળા છે. સૌને જીવન પ્રિય છે. આચારાંગ

सव्वे जीवा वि इच्छंति
जीविउं न मरिज्जउं।
तम्हा पाणिवहं घोरं
निग्गंथा वज्जयंति णं ॥

સર્વે જીવો જીવન ઇચ્છે છે,
કોઈ મૃત્યુને ઇચ્છતું નથી.
માટે પ્રાણીવધ એ ઘોર કર્મ છે.
નિર્ગ્રંથો તેને ત્યાજ્ય કરે છે. દશવૈકાલિક

जं इच्छसि अप्पणतो
जं च ण इच्छसि अप्पणतो।
तं इच्छ परस्स वि मा
एत्तियग्गं जिणसासणयं ॥

જે તું પોતાને માટે ઇચ્છે છે તે બીજાઓને માટે પણ ઇચ્છ. જે તું પોતાને માટે ઇચ્છતો નથી, તે બીજાઓને માટે ઇચ્છીશ નહીં. આ જિન-શાસન છે. બૃહત્કલ્પ ભાષ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્ષારંભે પ્રભુ સ્તુતિ

હરિગીત

સત્તત્ત્વ અમૃત રસ વિશે જે હર્ષ પામે રસ ધરી,
દેવેંદ્ર ઇચ્છે પૂર્ણપદને સંગમાં જેના રહી;
સંસારમાં ભમતા ભવિકો આવતા જ્યાં શરણમાં,
તે નાથને પ્રણમું પ્રીતે આ નવિન વર્ષારંભમાં.

અંતર તણા આનંદમાં જે આત્મપદ આરાધતા,
ક્લેશો કષાયો છેદીને શિવધામને જે સાધતા;
આ લોકમાં સૌ જીવને સમદૃષ્ટિથી આલોકતા,
તે નાથને પ્રણમું પ્રીતે આ નવિન વર્ષ શરૂ થતા.

વિ૦

# નૂતન વર્ષારંભે માંગલ્ય ભાવના

હરિગીત

નમિએ નિરંતર નવિન વરસે દેવશ્રી આદિ પ્રભો,
અજ્ઞાન તિમિર ઉચ્છેદવા આદિત્ય સમ એ છે વિભો;
ધ્યાતા નિપાવે ધ્યેય પદને ધ્યાન જો નિશ્ચલ બને,
યાચું પ્રભો, હું આ સમે એ યોગ્યતા અર્પો મને.

ગુરુરાજ ગુણનિધિ ભવિક જનને બોધતા દૃઢતા ધરી,
વિચરી વિવિધ સ્થળમાં સદા સ્યાદ્વાદ શૈલી વિસ્તરી;
ઉપદેશ તેમજ લેખ ને પુસ્તક બનાવ્યા તત્ત્વના,
શ્રી વિજયાનંદસૂરીશને હો નમન આત્મિક હૃદયના.

આ નવિન વર્ષારંભમાં આશિષ છે અંતર તણી,
સ્યાદ્વાદ શૈલી રૂપ અમૃત ભોજ્ય છે ચિન્તામણી;
અપીશ એ ગ્રાહક પ્રતિ પ્રતિમાસ વિવિધ રસ ભરી,
શ્રી આત્માનંદ પ્રકાશ ઇચ્છે હૃદય શુદ્ધિ હજો ખરી.

છે રમ્ય આ સૌરાષ્ટ્રમાં ભાવિકની ભાવાપુરી,
જ્યાં જૈન મંદિર શોભતાં જાણું ખરે અલકાપુરી;
ત્યાં આત્માનંદ સભા સદા શ્રી જૈન ધર્મ પ્રસારવા,
પ્રકટાવે આત્માનંદ માસિક આત્મશુદ્ધિ વધારવા.

વિ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વરસનું મંગળમય વિધાન

**સૂર્યના દર્શનથી જેમ, કઈ વસ્તુ કયાં છે તેનું દર્શન થાય છે. આત્મજ્ઞાનના પ્રકાશથી જીવનમાં કઈ વસ્તુ કયાં છે તેનું દર્શન થાય છે, અને સંસારની છોડવા અને ગ્રહણ કરવા લાયક વસ્તુનું ભાન થાય છે માટે આત્મજ્ઞાનનો એ પ્રકાશ મેળવો. —ચિત્રભાનુ**

આત્માના આનંદની, આત્મરમણતાની વાતો પર પ્રકાશ પાડતા પાડતા "આત્માનંદ પ્રકાશ" પોતાના અઠ્ઠાવન વરસની મઝલ પૂરી કરી, ઓગણસાઠમા વરસમાં પ્રવેશ કરે છે.

કોઈપણ વર્તમાનપત્રનું અઠ્ઠાવન વરસનું લાંબુ આયુષ્ય એ માત્ર આ સભાને માટે જ નહિ, પરંતુ સમસ્ત જૈન સમાજને માટે ગૌરવનો પ્રસંગ છે.

જૈન સમાજમાં જ્યારે વર્તમાનપત્રોના પ્રકાશનની પ્રવૃત્તિ વિરલ હતી, એવા સમયે આત્માનંદ પ્રકાશનો જન્મ થયો, અને વાચકો, લેખકો અને શુભેચ્છકોના સહકારથી આજે અઠ્ઠાવન વરસ સુધી, અવિરતપણે તે સમાજની યતકિંચિત્ સેવા બજાવતું રહ્યું છે તે બદલ અમો અમારો આત્મસંતોષ વ્યક્ત કરીએ છીએ અને તેના શુભેચ્છકોનો આ તકે આભાર માનીએ છીએ.

આત્મજ્ઞાનનો પ્રકાશ એ આ માસીકનો મુખ્ય વ્યવસાય છે અને ઓગણસાઈઠ વરસના મંગળ-પ્રવેશ પ્રસંગે પણ આત્મજ્ઞાનની દૃષ્ટિએ જ આપણે મુખ્યત્વે વિચાર કરવાનો છે.

એક વાત ચોક્કસ છે કે સુખ અને શાન્તિને માટે આપણે તલસીએ છીએ, અને આત્મસિદ્ધિ એ આપણું જીવન-ધ્યેય છે. માણસ ચૌદ પૂર્વનું જ્ઞાન સંપાદન કરે, અપૂર્વ રિદ્ધિ–સિદ્ધિ પ્રાપ્ત કરે, પરંતુ જ્યાં સુધી તે પોતાના આત્માને ઓળખે નહિ ત્યાં સુધી એ સર્વ સિદ્ધિનો કોઈ અર્થ નથી. અખો કહે છે તેમ "જ્યાં લગી આતમા તત્ત્વ ચિંત્યો નહિ ત્યાં લગી સાધના સર્વ જુઠી" એટલે શાન્તિની ઉપાસના માટે –આત્માસાધના માટે અભ્યંતર જ્ઞાન આત્મજ્ઞાન અતિ મહત્ત્વનું છે.

મરજીવા માણસો પોતાના જીવનના જોખમે પણ સાગરના ઊંડાણમાં ડુબકી મારીને તળીએ રહેલ મહામૂલાં મોતી જેમ શોધી કાઢે છે તેમ માણસ જીવનના ઊંડાણમાં ઉતરીને, આત્મામાં જે અનંત વીર્ય રહેલું છે તેની પ્રતીતિ કરીને–આત્મસિદ્ધિરૂપી રત્ન સાધી શકે છે. પણ કલ્યાણનો સાચો માર્ગ માનવી આજે ભૂલ્યો છે.

અત્યારના વિજ્ઞાને વધારી મુકેલ ઝડપ–દોડધામ, જુઠી મહત્વાકાંક્ષાઓ, ભોગ–વિલાસ–પક્ષાપક્ષી, અને અશાન્તિ એટલી બધી વધારી મુકી છે કે આજનો માનવી આજે ક્યાં જઈને પટકાશે તે કહી શકાય તેમ નથી.

લોકજીવનમાં વિરલ બનતી જતી પ્રામાણિકતા, ન્યાયનીતિ અને આત્મશુદ્ધિની ભાવનાની સમતુલા જાળવી રાખવા માટે આપણે સજાગ થવા વિના છુટકો નથી.

આમ વધતી જતી આસુરીવૃત્તિને નિયંત્રિત કરવા માટે ધર્મભાવનાની–આત્મજ્ઞાનની આજે વધારેમાં વધારે જરૂર છે. અને તેનો સાચો ઉપાય છે તત્ત્વજ્ઞાનના પ્રચારનો.

શ્રમણ સંસ્કૃતિમાં, અને તેમાંએ ખાસ કરીને જૈન સંસ્કૃતિમાં આત્મસાધના માટેનું અપૂર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાહિત્ય ભર્યું છે. આજના ચોમેર પ્રગટેલા દાવાનળને શાન્ત કરવા માટે, છેવટે આસુરીવૃત્તિની સાથે દૈવીવૃત્તિની સમતુલા જાળવી રાખવા માટે–જો યુગદષ્ટિ ઓળખીને જૈન સાહિત્યનો-લોકભોગ્ય રીતે પ્રચાર કરવામાં આવે તો વિશ્વશાન્તિના માર્ગે આપણે ઘણું કરી શકીએ.

એટલે જૈન સાહિત્ય અને શિક્ષણનો પ્રચાર એ આજે આપણું પરમ કર્તવ્ય બની રહે છે.

અત્યારે જેમ જેમ આસુરીવૃત્તિ જોર કરતી જાય છે તેમ તેમ જનતા તેનાથી કંટાળી અહિંસાની વાતો કરવા લાગી છે અને આ ઠમારી આસુરીવૃત્તિ આપણને મારી નાખશે એવા ભયથી આજે સૌ શાન્તિની વાતો કરવા લાગ્યા છે, એટલે જનસમુહમાં સાચી શાન્તિની–આધ્યાત્મિક જ્ઞાનની ભૂખ ઉઘડતી આવે છે. ટૂંકામાં આજે આ સમય એવો આવ્યો છે કે જો જનતા પાસે લોકભોગ્ય શૈલિએ જૈન દર્શનનું સાહિત્ય મુકવામાં આવે તો વિશ્વકલ્યાણનું **सर्वत्र सुखी भवतु लोकः**નું સૂત્ર આપણે ચરિતાર્થ કર્યું ગણાશે.

એટલો આનંદનો વિષય છે કે આપણા સાહિત્ય પ્રકાશનનો પ્રવાહ એ દિશા તરફ ઢળતો જાય છે.

ડો, રાજેન્દ્રપ્રસાદ જેના સંરક્ષક છે એવી દિલ્હીની અર્ધ સરકારી પ્રાકૃત ટ્રેકટ સોસાયટી, શેઠ કસ્તુરભાઇ લાલભાઈ દ્વારા સ્થપાએલ પ્રાચ્યવિદ્યા મંદિર, શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને જૈન સાહિત્યના સંશોધન અને પ્રકાશન માટે કાર્ય કરી રહેલ આવી સંસ્થાઓની પ્રવૃત્તિનો વિચાર કરીએ તો આપણે જરૂર આશા રાખી શકીએ કે આપણા બધાએ આગમો આધુનિક ઢબે સંશોધિત થઇને તેના પૂર્ણ રૂપમાં પ્રાપ્ત થએલા નજીકના ભવિષ્યમાં આપણે જોઇ શકશું.

આ ત્રણે સંસ્થાઓના સંપાદન કાર્યમાં આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ તેના એક અવિભાજ્ય અંગ તરીકે જોડાએલ છે તે આપણા માટે આનંદનો વિષય છે.

બીજી બાજુ, કલકત્તા યુનિવર્સિટીએ ઉત્તરાધ્યયન સૂત્રનો બાબુ શ્યામસુંદરે તૈયાર કરેલ બંગાળી ભાષાનો અનુવાદ પ્રગટ કર્યો છે.

અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદના ૨૧મા અધિવેશન પ્રસંગે પં. બેચરદાસ અને પં. સુખોધભાઇ (પિતા–પુત્ર) ને પ્રાકૃત ભાષા અને જૈન ધર્મ માટે નિયુક્ત કરવામાં આવેલ હતા.

શ્રી ઋષભદાસજી જૈન અને શ્રી મોહનલાલ ધામીનું યોગ્ય સન્માન કરવામાં આવ્યું.

શ્રી દલસુખભાઇ માલવણિયા, શ્રી જયભિખ્ખુ, શ્રી ઉમાકાન્ત શાહ આદિ સાહિત્યસેવકોની સેવાની વ્યાપક કદર થતી આવે છે; શેઠ અમૃતલાલ કાળીદાસના સતત ચિન્તન અને પ્રયાસથી આપણું સૂત્ર સાહિત્ય સુંદર આકાર લેતું આવે છે. આ રીતે બની રહેલ આપણી સાહિત્ય પ્રવૃત્તિ એ આપણા માટે ગૌરવના પ્રસંગો ગણાય.

ટૂંકામાં જેમ જેમ લોકરૂચિ વધતી આવે છે તેમ તેમ આપણું જૈન સાહિત્ય વ્યાપક પ્રચાર લેતું આવે છે. અને જૈન–જૈનેતર જગતમાં સારો આદર પામતું આવે છે.

આ મંગળ પ્રવૃત્તિને વેગ આપવાનો જો સમયધર્મ આપણે સમજીએ તો હજુ આ દિશામાં આપણે ઘણું કરવા જેવું છે તેનો થોડો વિચાર કરીએ ;—

૧. નિશાળોમાં વિદ્યાર્થીઓને નૈતિક શિક્ષણ કેવી રીતે આપવું. જુદા જુદા ધર્મના વિદ્યાર્થીઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં એક સાથે અભ્યાસ કરી રહ્યા હોય–તેમનાં નૈતિક–જીવનના ઘડતર માટે કેવા પ્રકારનો અભ્યાસક્રમ યોજવો તે અંગે ભારત સરકારે નિમેલ કમિટિ વિચાર કરી રહેલ છે.

આધ્યાત્મિ શિક્ષણનો અભ્યાસક્રમ યોજવામાં જૈન સાહિત્યમાંથી ઘણી પ્રેરણા મળી રહે તેમ છે. આ બાબત તરફ પ્રકાશ–કમિટિનું ધ્યાન ખેંચવા આપણે જાગૃત થવું જોઈએ. દિલ્હીમાં દિગમ્બર ભાઈઓએ આ માટે વિચારણા કરી છે. આપણે આ દિશામાં કરવા જેવું હોય તેનો વિચાર કરી યોગ્ય કરવું ઘટે.

૨. ભારતીય સંસ્કૃતિના પ્રચાર માટે આપણાં વિશ્વ–વિદ્યાલયો કામ કરી રહેલ છે. ભારતીય સંસ્કૃતિમાં જૈન સંસ્કૃતિનું સ્થાન જરાએ ઓછું નથી બલ્કે વ્યાપક રીતે વિચારીએ તો ભારતિય સંસ્કૃતિનું એ એક અવિભાજ્ય અંગ છે. એટલે અન્ય સંસ્કૃતિના અભ્યાસ માટે જેમ ભારતની જુદી જુદી યુનીવર્સિટીઓમાં જોગવાઈ છે તેમ 'જૈન ચેર'ની વ્યવસ્થા દરેક યુનિવર્સિટીઓમાં થાય, (બનારસ યુનિવર્સિટીમાં જૈન કોન્ફરન્સ તરફથી છે તેવી) તે માટે યોગ્ય પ્રયાસ કરવાની આજે ખાસ આવશ્યકતા છે.

૩. જૈન સૂત્રો, આગમો અને સિદ્ધાંતોનું તલસ્પર્શી જ્ઞાન–આપણા બાળકોમાં આવે, તેના અભ્યાસ માટે રસ જાગે, અને જૈન–દર્શનનો સાચો ખ્યાલ પોતામાં આવે તેમજ બીજાને તે આપી શકે તે પ્રકારનું ધાર્મિક શિક્ષણ આપવા માટેની યોજના વિચારવી, અને લાખોના ખરચે આપણે ધાર્મિક–શિક્ષણની પાઠશાળાઓ ચલાવીએ છીએ, તે દ્વારા તેનો પ્રચાર કરવો.

૪. વ્યાપક દૃષ્ટિએ જૈન સાહિત્ય તૈયાર કરવું. અને દેશ–વિદેશમાં તેનો પ્રચાર કરવો.

આ અને આવા ઘણા પ્રશ્નો આપણી સામે પડયા છે જેનો ઉકેલ કરવા આપણે શક્તિમાન થઈએ એવી નવા વરસમાં મંગળ પ્રવેશ કરતી વખતે અમે ઇચ્છીએ છીએ.

હવે થોડું સ્થાનિક દૃષ્ટિએ વિચારીએ.

સાહિત્ય, શિક્ષણ અને સંસ્કારની દૃષ્ટિએ ભાવનગરનું સ્થાન હંમેશા ઉચ્ચ કક્ષાએ રહ્યું છે.

સાહિત્યના સમાન ક્ષેત્રમાં કાર્ય કરી રહેલ ભાવનગરની ત્રણ સંસ્થાઓની સાહિત્ય સેવાનો વિચાર કરીએ તો જૈન સાહિત્યના જુદા જુદા ક્ષેત્રોને સ્પર્શતું ઘણું મહત્વનું સાહિત્ય પ્રકાશન અત્રે થયું છે અને માત્ર ભારતના જ જૈન જગતમાં નહિં પરંતુ હિન્દ અને હિન્દ બહાર જૈન જૈનેતર જગતમાં તે ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરી શકેલ છે.

શિક્ષણના બારામાં પણ ભાવનગરનું સ્થાન એટલું જ ગૌરવભર્યું છે. ભાવનગર સૌરાષ્ટ્રમાં શિક્ષણનું એક મહત્ત્વનું કેન્દ્ર બની રહ્યું છે, અને એ મહત્ત્વમાં આપણો સમાજ સમયે સમયે યોગ્ય સેવા બજાવતો આવ્યો છે.

તેવી જ રીતે ભાવનગરે સંસ્કારી રત્નો પણ આપ્યા છે. અને એ રત્નોએ ભાવનગરને દિપાવ્યું છે.

આમ ભાવનગરનો ભૂતકાળ ઘણો ભવ્ય છે અને એ ભવ્યતાને ટકાવી રાખવા માટે ભાવનગર ધારે તો આજે પણ ઘણું કરી શકે તેમ છે.

ગત વરસના પ્રયત્નોનો વિચાર કરીએ તો બે–ત્રણ નોંધપાત્ર કાર્યો થઈ ગયા છે.

જેમ જુદી જુદી કોલેજો અને ઉચ્ચ અભ્યાસના કેન્દ્રો ભાવનગરમાં વધતા ગયા તેમ બહારગામથી અત્રે અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓની સંખ્યા વધતી ગઇ, પણ આવતા વિદ્યાર્થીઓને સગવડ આપવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેટલી આપણી દાદાસાહેબ જૈન બોર્ડીંગ પાસે જગ્યા ન હતી. તે માટે યોગ્ય મહેનત કરી બોર્ડીંગે એક વિશાળ મકાન તૈયાર કર્યું છે અને એ રીતે હવે વધુ વિદ્યાર્થીઓ તેનો લાભ લઇ શકશે.

આવી રીતે બાળ–વિદ્યાર્થી ભુવનના વિકાસનો પ્રશ્ન પણ આ વરસે વિચારાયો છે, અને સંસ્થાને અનુરૂપ યોગ્ય મકાન બનાવવાની સંસ્થાને સગવડ મળી છે અને નજીકના ભવિષ્યમાં એક સારૂ મકાન સંસ્થાને સાંપડશે એવી આશા રાખી શકાય તેમ છે.

માંદગીમાંથી ઊભા થયેલાઓ જલદી પુનઃ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરે તે માટે કોઇ આરોગ્ય–નિવાસની સગવડ ન હતી. શેઠ હીરાલાલ અમૃતલાલની ઉદારતાથી "અમૃત નિવાસ" અને "જડાવ નિવાસ" એમ અદ્યતન સગવડતાળાં બે આરોગ્ય નિવાસે બંધાયાં અને શેઠ કસ્તુરભાઇના હસ્તે તો ખુલ્લા મૂકવામાં આવ્યા છે.

આપણી સામે જે અનિવાર્ય અગત્ય ઘણા સમયથી ઊભી હતી. તે થોડા ઘણા અંશે પુરી પાડવા જેવું આ કાર્ય ગણી શકાય.

જ્યારે બીજી બાજુ એકના એક પ્રતિભાસંપન્ન સાહિત્યોપાસક શ્રી ભીમજીભાઇ સુશીલને આપણે ગુમાવ્યા. તત્ત્વચિન્તક શ્રીમંત ગૃહસ્થ શ્રી હિરાલાલ અમૃતલાલની આપણને ખોટ પડી.

ગત વરસનું સરવૈયુ કાઢતી વખતે, સામાન્ય રીતે નવા વરસમાં મંગળ પ્રવેશ કરતી વખતે અનેક મંગળ ભાવનાઓ હૃદયમાં સ્ફુરે છે. અને એ ભાવનાઓને મૂર્તસ્વરૂપ આપવાનો સંકલ્પ જાગે છે. એ રીતે વિચારીએ તો, સાહિત્ય અને શિક્ષણની બાબતમાં આપણે ઘણું કરી શકીએ છીએ, અને ભાવનગરના ભવ્ય ભૂતકાળમાં આપણે પણ એકાદ બે ગૌરવભર્યા પ્રસંગો નોંધાવી કર્તવ્યપરાયણતાનો આનંદ અનુભવી શકી છીએ.

ભાવનગરની સાહિત્યોપાસના કંઇ ઓછી મહત્ત્વની નથી. તેમ આપણી પાસે જે સમૃદ્ધ સાહિત્ય પડ્યું છે તેનું મૂલ્યાંકન કંઈ ઓછું નથી.

થોડી વિશાળ દૃષ્ટિ કેળવીને, સાધકની દૃષ્ટિએ થોડો વિચાર કરીએ તો જુદી જુદી સાહિત્ય સંસ્થાઓ પાસે તથા શ્રી સંઘના જ્ઞાનભંડારમાં મહામૂલું પ્રાચીન સાહિત્ય પડ્યું છે. દર્શનશાસ્ત્રના મહામૂલા ગ્રંથના સંપાદનમાં જે પ્રાચિન પ્રત બીજે ન મળી તે ભાવનગરના જ્ઞાન–ભંડારમાંથી મળી, અને આવું ઘણું એ અલભ્ય સાહિત્ય આપણા સંગ્રહમાં પડયું છે જેનું મહત્ત્વ આપણે સમજી શકતા નથી. પરંતુ બહારના વિદ્વાનો કવચીત્ કવચીત્ આપણા જ્ઞાન ભંડારોની મુલાકાત લ્યે છે અને તેઓના સંગ્રહનું અવલોકન કરે છે ત્યારે સહજ ભાવે પ્રસન્નતા અનુભવે છે.

જુદા જુદા સ્થળે પડેલ આવું તમામ સાહિત્ય જો વ્યવસ્થિત કરવામાં આવે અને શ્રમણ સંસ્કૃતિના અભ્યાસકોને માટે તેનો ઉપયોગ કરવાની વ્યવસ્થા કરવામાં આવે તો આપણે ત્યાં શ્રમણશાસ્ત્રના અભ્યાસકોનું એક સુંદર કેન્દ્ર ઊભું કરી શકાય તેમ છે. અને તે બહુ જ ઓછા ખરચે એક અતિ અગત્યનું કામ કર્યાનો આત્મસંતોષ અનુભવવા જેવું ગૌરવભર્યું પગલું ગણાય. અને જો એકતાની ભાવના રાખી, સાધકની દૃષ્ટિએ આ પ્રશ્ન વિચારીએ તો આ કાર્ય પાર પાડવા માટે આપણી પાસે દરેક સંયોગોની અનુકુળતા છે. જરૂર છે માત્ર જાગૃતિની–તમન્નાની. અને આની સાથોસાથ બીજું કાર્ય થઇ શકે–એક સુંદર આવકારપાત્ર જૈન માસિકની. માસિક પ્રકાશન પાછળ આમ તો આપણી સંસ્થાઓ મોટી રકમ ખરચે છે, એની એ શક્તિ, એનું એ ધન, આપણે સંયુક્ત દૃષ્ટિ કેળવીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરચીએ તો અભ્યાસકોને ઉપયોગી થાય તેવું એક સમૃદ્ધ માસિક આપણે સમાજને આપી શકીએ અને તેની પાછળ જે ખરચ આપણે કરીએ છીએ તેનો વધુ આત્મસંતોષ લઇ શકીએ.

સાહિત્ય અને શિક્ષણ, એ ભાવનગરની ખાસ વિશિષ્ટતા છે. સમગ્ર જૈન સમાજમાં ભાવનગરનું સ્થાન જો અગ્રસ્થાને હોય તો તેનું કારણ તેની સાહિત્યોપાસના છે, તેનો શિક્ષણ પ્રેમ છે. અને સાહિત્યની દુનિયામાં તેની ગૌરવ પતાકા આજે દેશ–વિદેશમાં ફરકી રહી છે.

ભાવનગર આજે સાહિત્યોપાસક વિહોણું થતું જાય છે. વિદ્દદૃષ્ટિ પણ સરતી જાય છે અને એક વિચારશીલ–વિશાળદીલ સાધક તરીકેની જે પ્રભા ભાવનગરની હતી તે પણ ઝાંખી થતી જાય છે. એવા વખતે બહુ જ ઓછા ખરચે, આપણી પાસે છુટું છવાયું છે તે જ સાહિત્ય સુવ્યવસ્થિત રીતે એકત્ર કરીએ અને એક સુંદર જ્ઞાનમંદિર, તેમજ શ્રવણ–સંસ્કૃતિના અભ્યાસકોનું એક કેન્દ્ર બનાવીએ તો આપણો આ પ્રયાસ સમયોચિત ગણાશે અને તેમાં ભાવનગરને જરૂર યશ મળશે તેમ કહેવું એ યથાર્થ જ છે.

સામાજીક અને શિક્ષણની દૃષ્ટિએ બીજું ઘણું વિચારવા જેવું છે પણ સ્થાનાભાવે એ વિચારણાને અત્રે અવકાશ નથી એટલે આજે તો આપણે આટલાથી આત્મસંતોષ પકડીએ અને કર્તવ્યના પંથે પડીએ એ જ મહેચ્છા.

× × ×

આ પછી આ સભાનો જરા વિચાર કરીએ.

સામાન્ય રીતે સભા તરફથી સાહિત્ય–પ્રકાશન અંગે આ વરસે કોઇ મહત્ત્વનો ફાળો નોંધાયો નથી. અવિરત અથાગ શ્રમ લઇને મુનિ શ્રી જંબુવિજયજી મહારાજ 'નયચક્ર'નું સંપાદન કરી રહ્યા છે. તેના આઠ અરો લગભગ તૈયાર થવા આવ્યા છે અને નજીકના ભવિષ્યમાં તે પ્રગટ કરી શકાશે. સંશોધનમાં સતત શ્રમ સેવી રહેલ પૂ. મુનિ મહારાજ શ્રી જંબુવિજયજી મહારાજશ્રીના પૂર્ણ પ્રયાસથી આ સભા, દર્શનશાસ્ત્રના એક અતિ પ્રાચિન અને મહત્ત્વના ગ્રંથને શુદ્ધ સ્વરૂપમાં પ્રગટ કરી શકશે અને માત્ર સભા જ નહિ પરંતુ સમસ્ત જૈન સમાજ ગૌરવ લઇ શકે તેવું નોંધપાત્ર અને શુદ્ધ પ્રકાશન જૈન સાહિત્યના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન લેશે એ આ સભા માટે અતિગૌરવભર્યું ગણાય તેમ છે.

યુગદૃષ્ટિને અનુલક્ષીને નાની–નાની પુસ્તિકાઓ પ્રગટ કરવાની સભાની ખાસ મુરાદ છે તેમ જ આ સભાના સ્વ. સેક્રેટરી શ્રી વલ્લભદાસભાઇના સેવા કાર્યની સ્મૃતિ રૂપે લોકભોગ્ય એક ગ્રંથ પ્રગટ કરવાની સભાની ઉમેદ છે. જે ભવિષ્યમાં પહેલી તકે પૂરી થવા પામે એમ ઇચ્છીએ.

ગ્રંથ પ્રકાશન ઉપરાંત સભા ૫૮ વરસથી પોતાનું આ માસિક 'આત્માનંદ પ્રકાશ" પ્રગટ કરી રહેલ છે તેને વિકસાવવાની અને વધુ લોકભોગ્ય બનાવવાની સભાની ઉમેદ છે અને તે માટે પ્રયાસો ચાલુ છે.

સાહિત્ય પ્રકાશન અને શિક્ષણ પ્રચારની દિશામાં સભા ઘણું કરી શકે તેમ છે અને જૈન દર્શનના અભ્યાસકોને આકર્ષી શકાય તેવી કોઇ પ્રવૃત્તિ પણ કરવાની સભા ઊંડી ઊંડી ભાવના રાખે છે. નવા વરસમાં સભા પ્રગતિની દિશામાં આગે કદમ ઉઠાવે અને તેના મનોરથો સિદ્ધ-સ્વરૂપ લેતા આવે એમ આ તકે ઇચ્છીએ છીએ.

બાકી તો આત્મ–સિદ્ધિના માર્ગે પ્રકાશ પાડવામાં આ સભા શક્તિમાન થાઓ એ જ મહેચ્છા સાથે વિરમીએ છીએ.

હ. દે. શેઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# યોગાભ્યાસનો એકડો

( પ્રભાતિયું )

ધ્યાન કર, ધ્યાન કર, ધ્યાન કર આત્મનું, ધ્યાન કરતાં મળે તત્ત્વ સિદ્ધિ !
ટાળી આધિ ઉપાધિ ય સંસારની, ધ્યાનથી પ્રકટશે આત્મ રિદ્ધિ. ધ્યાનકર

ધ્યાનથી આત્મશાન્તિ થતાં પ્રકટશે જ્ઞાન-શ્રી ગુરૂજીએ વચન ભાખ્યાં !
ધ્યાનથી ધર્મના માર્ગ આવી મળે દગ્ધ થાશે કર્મ બીજ નાખ્યાં ! ધ્યાનકર

પ્રથમ પદ્માસને શાન્તિથી બેસતાં વિશ્વ વિચારને તુર્ત ત્યજવા !
વાણીને ગોપવી અન્તરે પેસતાં —મંત્ર ૐકાર દ્રઢ ચિત્ત ભજવા ! ધ્યાનકર

શ્વાસ લઈ નાકથી, પૂરક પ્રેમે કરી, સ્થિર મસ્તક વિષે ધારી રાખો,
એમ કુંભક કરી શ્વાસને કાઢવો એ જ રેચક થયો ગુરૂએ ભાખ્યો ! ધ્યાનકર

ધ્યાન ૐ કારનું હૃદયમાં ધ્યાવતાં જાપ અજપા જપો પૂણ્યશાળી
ભ્રકુટી ભેદન થતાં, ચક્ર છેદાય ત્યાં -ભુલવી કોદિ નવ બંકનાળી. ધ્યાનકર

નાભિના સાગરે કમળને કલ્પતાં પાંખાંડ લાળ વિકસે રૂપાળી,
નાથ ! બિરાજતા કમળની ઉપરે, ધ્યાનમાં મુર્તિ રહેજો નિરાળી. ધ્યાનકર

એમ અભ્યાસથી નિર્વિકલ્પી થતાં- આત્મ સાક્ષાત્ દર્શન થાશે,
ગાવતાં ધ્યાવતાં સેવતાં આત્મને, કર્મ કંઈ કાળના તુટી જાશે. ધ્યાનકર

એમ નિર્મળ થતાં -આત્મ તો પામશે, જ્ઞાન-દર્શન-ચરણુ અલ્પકાળે,
ધ્યાન- આસન- અચળ મણિ-મનોરથ ફળે, સદ્ગુરૂ ધીનીધિની કૃપાએ ! ધ્યાનકર

પાદરાકર

## આભાર

શ્રી ઊંઝા ફાર્મસી લિ. ના માલીક શેઠશ્રી ભોગીલાલભાઈ નગીનદાસ તરફથી સં. ૨૦૧૮ ના કાર્તિકી પંચાંગ આપણી સભાના મેમ્બરોને ભેટ આપવા મળ્યા છે તે બદલ તેઓશ્રીનો આ સભા આભાર માને છે.

નોંધ : પંચાંગ આ અંક સાથે મોકલેલ છે.

## સ્વર્ગવાસ તિથિ

પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગવાસ તિથિ આસો સુદી ૧૦ ગુરૂવારના રોજ હોવાથી તે દીવસે ગુરૂ ભક્તિ નિમિત્તે સવારના દસ કલાકે શ્રી મોટા દેરાસરજીમાં નવપદજી મહારાજની પૂજા ભણાવવામાં આવી હતી આ પ્રસંગે સભાસદ બંધુઓ તથા અન્ય સદ્ગૃહસ્થોએ લાભ લીધો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભક્તિ અને વિભક્તિ

લે. સાહિત્યચંદ્ર બાલચંદ, માલેગામ

ભક્તિ એવી વસ્તુ છે કે તે અંતઃકરણની ઉર્મિઓમાંથી જન્મેલી હોવી જોઈએ. પોતાના પુત્રપુત્રી ઉપર માબાપ પ્રેમ કરે છે. ભાઈબહેનો ઉપર પ્રેમ કરે છે. પતિપત્ની પરસ્પર ઉપર પ્રેમ કરે છે. પણ આ બધાં પ્રેમના પ્રકાર છે. અને તેની પાછળ સ્વાર્થની ભાવના કાર્ય કરે છે. પોતાને સુખ મળે, પોતાનો સ્વાર્થ સરે અને પોતાને વિસામો મળે અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય અને અનેક જાતના કાર્યો સરે એવી ભાવના તેમાં હોય છે. પણ ભક્તિનું તેમ નથી. ભક્તિ તો નિઃસ્વાર્થી જ હોય. અને એવી એ ન હોય ત્યાં સુધી તેને સાચી ભક્તિનું ઉપમાન ઘટતું નથી.

જેની ઉપર ભક્તિ કરવી હોય તેની ઉપર નિતાંત આદર અને પૂજ્યભાવ હોય તો જ ભક્તિ કરવાનું મન થાય. અને એવી ભક્તિનું સાચું સ્થાન તો દેવ અને ગુરૂ એ જ હોઈ શકે. દેવમાં જરા જેવો અંશતઃ પણ દોષ છે એવુ આપણું મન કહેતું હોય અર્થાત દેવ અને આપણે વિભક્ત છીએ, જુદા છીએ એમ લાગતું હોય ત્યાં સુધી દ્વિધાવૃત્તિ કાયમ રહે અને ભક્તિમાં તે આડખીલીરૂપ થઈ રહે. કોઈ મોટા માણસ સાથે આપણે બોલવું હોય ત્યારે તેમનો આદર સાચવી આપણે બોલવાની હીંમત કરીએ છીએ. પણ પોતાની મા સાથે બોલવું હોય ત્યારે આપણે ટુંકારાથી બોલીએ છીએ. માને તકલીફ કે અગવડ થશે કે કેમ તેનો વિચાર કર્યા વગર હઠીલાઈથી કાંઈ માગવું હોય તે માગીએ છીએ. તે આપવા મા ના પાડે અગર વિલંબ કરે ત્યારે આપણે રીસાઇએ અને રડવા પણ બેસીએ. કાંઈ છાની વાત કરવી હોય તો તે નિઃસંકોચથી મા આગળ કહીએ છીએ. મા કાંઈ ઠપકો આપે અગર મારે તો પણ આપણે સહન કરીએ. એનો અર્થ એ થયો કે આપણી મા અને આપણામાં જુદાઈની ભાવના હોતી નથી. વિભક્તિ હોતી નથી. અને તેથી જ એને સાચી ભક્તિ કહી શકાય. પોતાની મા કરતાં બીજુ કોઈ આપણું હિતસ્વી અને રક્ષક નથી, એવી ભાવના આપણા મનમાં હોય છે, તેથી જ આવી ભાવના જાગે છે ભક્ત અને દેવમાં વિભક્તિ કે જુદાઈની ભાવના હોવી નહી જોઇએ. સરળ બાલભાવથી દેવ અને ભક્ત જ્યારે એક રૂપ થઇ જાય છે ત્યારે જ એને ભક્તિ કહેવાય છે. મોટા જ્ઞાનીઓ પોતાના સ્તુતિ સ્તોત્રોમાં, કવનોમાં અને સ્તવનોમાં પ્રભુની પ્રાર્થના કરે છે, તેમાં પ્રભુ સાથે નિરંકુશ પણે જાણે પોતાનો કોઇ સાથી હોય એવી શુદ્ધ અને બાલક જેવી ભાવનાથી વદે છે. પ્રભુ કોઇ આપણા સહ પ્રવાસી અને માતા પિતા જેવા નજીકના એકલા જ હિતસ્વી છે, અને એની પાસે પોતાનું દુઃખ ખુલ્લુ કરતાં એ આપણું દુઃખ ટાળશે, અગર તે ટાળવાનો કોઇ સુલભ માર્ગ બતાવશે એવી ખાત્રી સાથે એ પ્રભુ સાથે એકરૂપ થઇ ભક્તિ કરે છે. પ્રભુ મારી સામે કેમ હજુ જોતા નથી? મારો હાથ કેમ ઝાલતા નથી? મારી આંખના પાણી કેમ લુંછતા નથી? પ્રભુ મને ભૂલી ગયા? એવી એવી અનંત ભાવનાઓથી જ્ઞાનીઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ ભણી પોતાની ભક્તિ પ્રગટ કરે છે. પ્રભુ સાથે નિકટનો નાતો તેઓ જોડી પ્રભુ સાથે સ્નેહીની જેવી ભાવનાથી વાત કરતા હોય એમ જોવામાં આવે છે.

પ્રભુ સાથે મારો શો સંબંધ ? એવી વિભક્તિની ભાવના હોય, બે ભાઇઓ પોતપોતાને માર્ગે જુદા થઇ જાય, એક માબાપના સંતાન હોય, સાથે જ ઉછેરાયા હોય, છતાં વિભક્ત થઇ જાય, જાણે પોતાના હાથે જ નાતો તોડી નાખે ત્યારે તેઓમાં શુદ્ધ ભાવના, પ્રેમ અને ભક્તિના અંકુરો ક્યાંથી રહે ? પ્રભુ ઉપર એકાંત ભક્તિરાગ હોય, હું પ્રભુનો છું અને પ્રભુ મારા છે. એવી અટલ ભાવના હોય એને જ ભક્તિ કહી શકાય. વિભક્તિને કે જુદાઇને નહીં.

આપણી પોતાની ભક્તિને સાચી ભક્તિનું ઉપમાન ઘટે છે કે નહીં તેનો વિચાર આપણા મન સાથે કરી જોઇએ ત્યારે શો જવાબ મળે છે ? અમારી ખાત્રી છે કે, આપણામાંનાં ઘણાખરા બંધુભગિનીઓની દેખાતી ભક્તિ એ સાચી ભક્તિ નથી. પણ ભક્તિનું સ્વાંગ છે. આપણી ભક્તિ તો આપણા તુચ્છ ઇહલોકના બાહ્ય સુખ સગવડ ઉપર જ સ્થિર થએલી છે એમ જોવામાં આવશે. આપણે બાહ્ય રીતે પૂજાદિ ધર્મ કાર્યો કરતા હોઇએ અને એ જ આપણી ભક્તિ છે એમ માની લઇએ એ નરી આત્મવંચના જ છે. આપણે હજુ ભક્તિનું સાચું સ્વરૂપ જાણ્યું જ નથી, એમ સ્પષ્ટ જણાય છે. આપણી ભક્તિ તો દ્રવ્ય, સુખસગવડો અને સંસાર પ્રપંચ ઉપર જ અવલંબી રહેલી છે. ધર્મક્રિયાને નામે ચાલતી ક્રિયાઓ તો ફક્ત દેખાવ પૂરતી જ હોય છે. એ એક જાતની છેતરપિંડી છે. આત્મવંચના છે. અને ઠગવાનો પ્રકાર છે એમ આપણી ખાત્રી થશે. કારણ પ્રભુમાં અને આપણામાં મોટું આંતરૂં છે. પ્રભુ અને આપણા વચ્ચે વિભક્તપણું અને આંતરૂં ઘણું મોટું છે. અને મનના અનુસંધાનમાં એ આંતરૂં સંપૂર્ણ મટી નહીં જાય. પ્રભુ સાથે એકરૂપતા ન થાય ત્યાં લગી ભક્તિનો સુગંધ આત્મસ્ફુરણા, આત્મિક આનંદ ક્યાંથી જાગે ? અને જ્યાં સુધી એવો આનંદ આપણા અનુભવમાં ન આવે ત્યાં સુધી ભક્તિ એ શબ્દ અને તેની મહેક ઘણી આઘી છે એમ સમજી રાખવું જોઇએ. ભક્તિ કરવી એ બચ્ચાઓનો ખેલ ન હોય. એ તો ખાંડાની ધાર ઉપર નાચવા જેવું અઘરૂં કાર્ય છે. એ તો કોક વિરલ સંત મહાત્માઓ જ કરી જાણે. મોટેથી ભક્તિનું નામ ઉચરીએ એથી ભક્તિ થઇ જતી નથી ભક્તિમાં તો ભક્ત અને દેવ એકરૂપ થઇ જવા જોઇએ, આંતરૂં નિકળી જવું જોઇએ. ત્યારે જ સાચી ભક્તિ પ્રગટ થવાનો સંભવ છે.

આવી ભક્તિ ક્યારે આપણામાં પ્રગટી શકે ? કારણ આપણે જે ભક્તિ કરીએ છીએ એ શુદ્ધ ભક્તિ ખાસ નથી. એમાં સ્વાર્થનું ઝેર મિશ્રિત થઇ ગએલું છે. એ ઝેર આપણી ભક્તિમાંથી નિકળી જવું જોઇએ. આપણને વિચાર કરતા જણાશે કે, આપણી ભક્તિ એવા સ્વાર્થરૂપી ઝેરથી ખીચોખીચ ભરેલી છે. એ સાવ ઝેર જ છે એમ કહેવામાં જરાએ અતિશયોક્તિ નથી. ત્યારે પ્રશ્ન એવો થાય છે કે, એ ઝેર કાઢવાનો કોઇ ઉપાય છે કે કેમ એનો આપણે વિચાર કરવો જોઇએ.

જ્યારે એમાં ઝેર મિશ્રિત થએલું હોય ત્યારે તે વીણી વીણીને અને નિચોવીને કાઢી નાખવું જોઇએ. જેમ ઘઉં કે બીજા અનાજમાંથી આપણે કાંકરા વીણીને ફેંકી દઇએ છીએ અર્થાત્ તે વિભક્ત કરી નાખીએ છીએ ત્યારે જ તે અનાજ ખાવા લાયક થયું એમ આપણે ગણીએ છીએ. તેમ આપણી નકલી ભક્તિમાંથી ઐહિક તુચ્છ સ્વાર્થના કાંકરા વીણી કાઢી ફેંકી દેવા જોઇએ. અર્થાત આપણે ભક્તિમાંથી સ્વાર્થ કાઢી નાખીએ ત્યારે જ તે શુદ્ધ ભક્તિ થઇ શકે. અને ભક્તિ જ્યારે શુદ્ધરૂપ ધારણ કરે ત્યારે જ તેનું શુદ્ધ ફળ મળે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અનેકાન્ત, અપરિગ્રહ તથા સમભાવ–અહિંસાની ત્રણ ધારાઓ.

—પંડિત મુનિશ્રી શ્રી મલ્લજી મહારાજ.

ભગવાન મહાવીરના સમય પહેલાં ભારતની સામાજિક તથા રાજકીય પરિસ્થિતિ બગડી ચુકી હતી. ચારે તરફ હિંસા તથા શોષણનું સામ્રાજ્ય જણાઈ રહ્યું હતું. સ્ત્રીઓ તથા શુદ્રોને પગ નીચે કચડવામાં આવતાં. એમને ધર્મશાસ્ત્રો વાંચવાનો તથા શ્રવણ કરવાનો પણ અધિકાર ન હતો. સમાજમાં એક વર્ગ એવો હતો, જે પોતાની કક્ષાને શ્રેષ્ઠ માનતો હતો, તથા અન્ય કક્ષાના લોકોને અપવિત્ર, અસ્પૃશ્ય માનતો હતો. કેટલાક દાર્શનિકોના મતમાં એટલી બધી જડતા પ્રવેશી ચુકી હતી કે તેઓ એકબીજાના વિચારોને શાંતિપૂર્વક સાંભળી પણ નહોતા શકતા અને તે ઉપર વિચાર પણ નહોતા કરી શકતા.

આવે સમયે કે જ્યારે ચારે તરફ હિંસાની

---

મને પુત્ર પ્રાપ્તિ થાય, સ્ત્રી મળે, ધન મળે, બહુમાન મળે, લોકોમાં મારી પ્રતિષ્ઠા વધે, અધિકાર મળે, હું ધર્મી જ્ઞાની પંડિત ગણાઉં કે એવો ભક્તિ વિશિષ્ટ સુખ આનંદ કે સંતોષ મળે એવી ભાવના આપણી ભક્તિ સાથે નિગડિત થઈ ગએલી હોય ત્યાં સુધી સાચી ભક્તિ ઘણી દૂર છે એ સમજી રાખવું જોઈએ. આપણી કહેવાતી ભક્તિમાં તો એવો સ્વાર્થ ખીચોખીચ ભરેલો છે એ આપણે સારી પેઠે જાણીએ છીએ. આપણા મનમાંથી એ ઐહિક સ્વાર્થ વિભક્ત થાય, જુદો થાય તોજ આપણે ભક્તિ કરવા લાયકના ભક્ત ગણાઈએ. એમ બનતું નથી ત્યાં સુધી આપણે બાહ્ય ટીલાં ટપકાં કરતા હોઈએ કે વેશ પરિવર્તન કરીએ તો પણ ભક્ત એવી બહુમાનની પદવી ધારણ કરવાનો આપણને જરા જેવો પણ અધિકાર નથી.

મારૂં નામ લોકોમાં પ્રગટ થાય, મારા નામ પાછળ ખુબ બહુમાનના પુંછડાં વળગેલાં છાપામાં પ્રગટ થાય, મારા નામની જય બોલાય, અનેક કાર્યો ભલે અમે તેણે કરેલાં હોય તેનું લાંબુ લિસ્ટ મારા નામ ઉપર ચઢે અને હું બોલું એ પ્રભુ તીર્થંકર ભગવંતની જ વાણી છે, મારા કરતા બીજા બધા નીચા એવી તુચ્છ બાલિશ કલ્પનાઓ જેના મનમાં રમી રહેલી હોય તે ભક્ત નહીં પણ ભક્તપણાનું વિકૃત સ્વાંગ છે એ સમજી રાખવું જોઈએ. સાચા ભક્તો તો પ્રસિદ્ધિ પરાઙ્મુખ અને નિઃસ્વાર્થ હોય, ગુણગ્રાહક હોય અને પરોપકારી જ હોય !

માટે જ અમો કહીએ છીએ કે ભક્તિ એ અમે તેવા માનવો કરે છે એમ જણાય તે વિષમિશ્રિત ભક્તિ જ બણાય. વ્યક્તિગત સ્વાર્થની જ્યારે મનથી પણ વિભક્તિ થઈ જાય ત્યારે સાચી ભક્તિ પ્રગટે. ભક્તિ અને વિભક્તિનો ઉકેલ આપણે સમજી લેવો જોઈએ. ભક્ત અને દેવ એકરૂપ થઈ જાય, તેમની વચેનું આંતરૂં મટી જાય અને સ્વાર્થની માત્રા આપણા મનથી પણ વિભક્ત થઈ જાય ત્યારે જ આપણામાં ભક્તિ એના સાચા અને નિર્મલરૂપમાં પ્રગટ થાય. એવી શુદ્ધ ભક્તિ બધાઓના મનમાં ઉત્પન્ન થઈ તેમનું આત્મકલ્યાણ થાય એજ અભ્યર્થના!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્વાલા પ્રજ્વલિત હતી, ત્યારે ભગવાન મહાવીરે અહિંસાની ત્રિપથગા ગંગા વહેવરાવીને સમસ્ત માનવ સમાજને શાંતિ તથા અહિંસા તરફ વાળવાનો સફળ પ્રયત્ન કર્યો.

(૧) **અનેકાન્ત :**—પોતાને શ્રદ્ધા હોય તેવા ધર્મગ્રન્થો તથા ધર્મશાસ્ત્રોમાં જ સંપૂર્ણ સત્ય છે, તે સિવાયની કોઈ પણ બાબતમાં સત્ય નથી તેવી માન્યતા તળે સર્વે પોતાના ધાર્મિક સંપ્રદાયને સત્યવાદી તથા ઇતર સંપ્રદાયોને મિથ્યાવાદી સિદ્ધ કરવામાં પોતાની સર્વ શક્તિ અને સમય વ્યય કરતા હતા. અગર તેમની સામે તેમના મત કે પંથની વિરૂદ્ધ કોઈ સાચી વાત કરવાનું સાહસ કરે તો તેમને ખરાબ રીતે તોડી પાડવામાં આવતા, અરે, ફાંસીને માંચડે લટકાવવાનો પ્રયાસ પણ થતો. આવા ધાર્મિક મુદ્દાને કારણે કેટલીકવાર યુદ્ધનો જ્વાળામુખી ફાટી નીકળતો. લગભગ બધા દેશોમાં ધર્મને નામે આવાં યુદ્ધ થયાં કર્યાં છે. ઇતિહાસના પાઠકને આ વાતનો પૂરો પરિચય છે જ. ધર્મ તથા ધર્મસિદ્ધાંતના નામ ઉપર થતી આવી મહાહિંસાને સમૂળગી નષ્ટ કરવા ભગવાન મહાવીરે સ્યાદ્વાદ, અનેકાન્તવાદ–અપેક્ષાવાદનાં રૂપમાં અહિંસાનું શિક્ષણ આપ્યું, અને માનવ જગતને સમજાવ્યું કે પોતાની મિથ્યા હઠ અને આગ્રહનો ત્યાગ કરી સમદૃષ્ટિ પ્રાપ્ત કરે તથા પ્રત્યેક ધર્મગ્રંથોમાં જે સનાતન સત્ય છે, તે સમજવા પ્રયત્ન કરે અગર સમદૃષ્ટિથી સર્વત્ર નિરીક્ષણ કરવામાં આવે તો સર્વત્ર સત્ય ફેલાયેલું દેખાશે. અનેકાન્તની દૃષ્ટિથી અગર સમજવાનો પ્રયત્ન કરવામાં આવે તો, દરેક દર્શનોમાં રહેલ સત્યાંશ જણાય છે અને એ રીતે સર્વદૃષ્ટિને સમ્મિલિત કરવાથી પૂર્ણસત્યનું દર્શન શક્ય બને છે. આ પ્રમાણે પૂર્ણ સત્ય સમજવાનો તથા જીવનને સત્યમય બનાવવાનો પ્રયાસ જો કરવામાં આવે તો ધર્મ તથા ધર્મસિદ્ધાંતના નામ ઉપર જે સંઘર્ષ, હિંસા થાય છે તે, તથા એકબીજાને અપમાનીત કરવાની જે ભાવનાઓ જાગૃત થાય છે, તેનો નાશ કરી શકાશે. આ અહિંસાની એક ધારા છે, અનેકાન્ત અથવા સર્વ–સમન્વય.

(૨) **અપરિગ્રહ :**—હિંસાનું બીજું સ્વરૂપ છે પરિગ્રહ. હું તથા મારાપણાની ભાવનાને ભગવાન મહાવીર પરિગ્રહ કહે છે. સ્વાધિકારનું જે મમત્વ છે—આ વસ્તુ મારી છે, એનો ઉપભોગ કરવાનો અધિકાર મારો છે, કારણ કે આ વસ્તુ પરંપરાથી મારા સ્વામિત્વની છે, મારા સામર્થ્યથી એને મેં પ્રાપ્ત કરી છે, તેથી મારા સિવાય કોઈ ઉપયોગ ન કરી શકે, ભલે પછી તે વસ્તુની જરૂરિયાત અન્યને ગમે તેટલી હોય, પરન્તુ મારા અધિકારની વસ્તુનો ઉપભોગ કરવાનો અધિકાર અથવા તેનો અધિકારી અન્ય કોઇ હોઈ શકે જ નહિ —થઈ શકે જ નહિ. આ પ્રકારનું વસ્તુઓ તરફનું મમત્વ–મમત્વભાવ તે પરિગ્રહ છે. આ પરિગ્રહની ભાવના પૃથ્વીના કોઇપણ એક હિસ્સા થકી ઉત્પન્ન થાય છે. ક્યારેક પૃથ્વીમાંથી ઉત્પન્ન થતાં અન્નવસ્ત્ર તથા અન્ય પદાર્થો, તથા સોનાચાંદી જવેરાત વિગેરે સંપત્તિ થકી ઉત્પન્ન થાય છે. આ પરિગ્રહ તરફની આસક્તિને કારણે પ્રેરાઇને પૃથ્વી ઉપર અનેકવાર ભીષણ યુદ્ધો થયાં છે. લોહીની નદીઓ વહી છે અને આજે પણ વહી રહી છે. ઘરઘરમાં, સમાજ સમાજમાં રાષ્ટ્ર–રાષ્ટ્રમાં "તારૂં તારૂં મારૂં"નું મૂળ કારણ પોતાનો અધિકાર જમાવવાની વિષયુક્ત ભાવનામાં છે. રશિયા, અમેરિકા તથા ઇંગ્લાંડ દ્વારા સમસ્ત માનવજાતિને નષ્ટ કરનાર અણુબોંબના અખતરાનું કારણ પણ પરિગ્રહ-વિશ્વ ઉપર સ્વાધિકાર જમાવવાની દુષિત ભાવનામાં જ છે. આવી માનસિક કલુષિતતાને ધોઈ નાખવા માટે, નષ્ટ કરવા માટે જ મહામાનવ મહાવીર ભગવાને અપરિગ્રહની સરિતા વહેવરાવી. તથા તેમણે કહ્યું કે સંસારમાં જેટલાં પદાર્થો–વસ્તુઓ–સાધનો છે, તે સર્વે માનવ સેવાના સાધનરૂપ છે સમસ્ત પ્રાણીજગતના ઉપયોગ માટે જ છે. તેનો દરેક વ્યક્તિ આવશ્યકતા અનુસાર ઉપયોગ કરી શકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. પરન્તુ તેની ઉપર પોતાપણાની છાપ મારવી, તથા તેનો ઉપયોગ પોતાનો જ પરિવાર કરી શકે તેવી ભાવના રાખવી–પછી ભલે તે પદાર્થ ઘરમાં પડી પડી સડી જાય, તો પણ અન્યની આવશ્યકતા પૂર્ણ કરવા તે વસ્તુ ન દેવી, તેવી ભાવના પાપ છે, ઘોર અપરાધ છે. ગૃહસ્થ પોતાની આવશ્યકતા અનુસાર આવશ્યક વસ્તુઓનો સંગ્રહ મર્યાદિત સ્વરૂપમાં રાખે ત્યાં સુધી તો કોઇ વિરોધ નથી પણ તે તેની ઉપર પોતાનું એકાધિપત્ય ન જમાવે, દુષ્કાળ, પૂર, ધરતીકંપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ આદિ દુઃખદ પ્રસંગોને વખતે માનવજાતિ, તથા પશુ પંખીઓના સંરક્ષણ માટે પણ તેનો ઉપયોગ કરે તે જ સુદૃષ્ટિ છે. તે સંપત્તિનો સ્વામી નહિ પણ ટ્રસ્ટી અથવા સંરક્ષકનું રૂપ ધારણ કરે છે. આ પ્રમાણે અપરિગ્રહરૂપ અહિંસાની આરાધના સાધના થકી પરિગ્રહની સંકીર્ણ ભાવનાથી થતી હિંસાને અહિંસા દયા તથા વિશ્વબંધુત્વની ભાવનાને વિશાળરૂપમાં પરિણિત કરી શકે છે, ફેરવી શકે છે. આ ઉદાર ભાવનાનો પ્રચાર સંત વિનોબા ભૂદાન, સંપત્તિદાન, શ્રમદાન તથા ગ્રામદાન યજ્ઞ દ્વારા કરે છે.

(૩) **સમભાવ :**—માણસે કુટુંબ, પરિવાર, સમાજ, પ્રાન્ત, ભાષા, દેશ, જાતિ તથા ધર્મ વગેરે અનેક ભેદભાવો ઉભા કર્યા છે, તેને ઘેરો રંગ પણ આપ્યો છે. તે પોતાને તથા પોતે સ્વીકારેલ કલ્પિત મત, પંથ તથા જાતિને શ્રેષ્ઠ તથા અન્યને સર્વેને નિકૃષ્ટ અથવા નકામા સિદ્ધ કરવા સદૈવ પ્રયત્નશીલ રહ્યો છે, રહે છે. આ સાંપ્રદાયિક વિષને વિષમુક્ત બનાવવા માટે મહાવીર ભગવાને સર્વ પ્રતિ સમભાવ તથા સર્વધર્મસમભાવનારૂપમાં અહિંસાનો ઉપદેશ આપ્યો. 'એગે આયા'ના ઉદાર સિદ્ધાંતનો ઉપદેશ આપતાં જણાવ્યું કે, જેવી રીતે જુદા જુદા ઘાટ ઘડાવતાં આભૂષણોમાં રહેલું સુવર્ણ સમાન છે, એકસમ છે (ઘાટ ઘડયા પછી નામરૂપ જુજવા, અંતે તો હેમનું હેમ હોયે) તે જ પ્રમાણે જુદા જુદા આત્માઓમાં રહેલી ચૈતના શક્તિ–આત્મસૌન્દર્ય એક સરખું છે. તેથી સર્વ આત્માઓમાં પોતાનું આત્મસૌન્દર્ય જોવાનો અભ્યાસ કરવો આવશ્યક છે. તથા પોતાની જેવા સર્વ સાથે સત્ય અને સરળ વ્યવહાર રાખવો જોઈએ. આવી ભાવનાને–સન્મતિને ભગવાન મહાવીરે "સમયા સવ્વભુએસુ" સર્વ જીવો તરફનો સમભાવ કહ્યો છે. આ અભ્યાસ દ્વારા સ્વપરનો ભેદ દૂર કરી વિશ્વકુટુંબની વિશાળ ભાવનાને મૂર્તરૂપ આપી શકાય.

કુટુંબ, પરિવાર, સમાજ, ભાષા, દેશ, જાતિ તથા ધર્મ આદિની વ્યવસ્થાઓ તો ફક્ત વ્યવહાર ચલાવવાની દૃષ્ટિથી તથા અહિંસાનો અભ્યાસ ઉત્તરોત્તર વધતો રહે તે માટે નિયત કરેલી છે. જે પ્રમાણે વિદ્યાર્થી શાળામાં જાય છે ત્યારે પ્રથમ શ્રેણીથી અભ્યાસ શરૂ કરે છે અને ઉત્તરોત્તર પ્રગતિ કરતો રહે છે, તે જ પ્રકારે કુટુંબ પરિવારથી અહિંસા સમભાવની સાધનાનો અભ્યાસ શરૂ થાય છે, તથા ભાઈચારા વિશ્વબંધુત્વની ભાવના વિકસિત થતાં થતાં એટલી વિશાળ બને છે કે, પછી તેવી ભાવના ધરાવતી વ્યક્તિ માટે સમસ્ત વિશ્વ તેનું પોતાનું બની જાય છે, અને પછી ત્યાં પોતાનું પારકું જેવો કોઇ ભેદ અસ્તિત્વ ધરાવતો નથી. પછી તે કર્મયોગી માનવમાંથી મહામાનવ કે વિશ્વરૂપ અહિંસાનો સાધક આરાધક બની જાય છે.

આથી વિરૂદ્ધ જ્યારે માણસ કોઈ એક વિચારધારાને પકડીને બેસી રહે છે તથા પોતાની કલ્પિત પરંપરાને વિશેષ મહત્ત્વ આપે છે, ત્યારે તેની તે સાધના ખાબોચીઆના બંધાઈ રહેલા પાણીની જેમ વિકૃત થઈ જાય છે, સડવા લાગે છે, તથા તેમાં રાગદ્વેષ, મિથ્યાત્વ, આદિ મનોવિકારોના વિષયુક્ત કીડાઓ પેદા થવા માંડે છે. પછી તે સાધના એક ધર્મ તથા પંથની રક્ષાનું સાધન નથી બનતું–નથી રહેતું. તે માનવજાતિ માટે આચરણીય નથી રહેતું. તે જીવનનું પરિપોષક ન રહેતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિનાશક બની જાય છે. આજનો સંપ્રદાયવાદ આજ દુષિત ભાવનાનું પરિણામ છે, અને આવી સાંપ્રદાયિક, જાતીય, તથા પ્રાન્તીય સંકીર્ણ મનોવૃત્તિ તથા કૌટુંબિક, સામાજિક, આધ્યાત્મિક તથા રાષ્ટ્રિય જીવનને નિર્બળ બનાવી રહી છે.

એટલા માટે જ મહામાનવ ભગવાન મહાવીરે સમભાવની સાધના દેખાડી છે. દરેક વ્યક્તિના વિચારો ઉપર શાંતમનથી વિચારવા તથા તેના પ્રતિ સહિષ્ણુ બનવાનો ઉપદેશ આપેલ છે, જે દ્વારા વિશ્વઐક્યની ભાવના સુગમતાથી સફળ બનાવી શકાશે.

આ પ્રકારે ભગવાન મહાવીરે દર્શાવેલ આ ત્રિપથગા ગંગામાં સ્નાન કરીને સમસ્ત માનવ સમાજ પાવન, પવિત્ર તથા મંગળમય બની શકશે.

શ્રમણમાં આવેલા હિંદી લેખનો સાભાર અનુવાદ: અનુવાદક શ્રી સુશીલાબેન હ. ભટ્ટ એમ. એ.



# મનનું પાપ

મનસુખલાલ તારાચંદ મહેતા

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરીના મહાન રાજવીની એકની એક પુત્રી લક્ષ્મણાનો લગ્ન દિવસ હતો. બાલ્યવયમાં જ લક્ષ્મણાએ આગમો, સંહિતાઓ, તર્કશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. જ્યોતિષશાસ્ત્રમાં પણ તે નિપુણ હતી. પોતાની જન્મકુંડળીમાં સપ્તમ સ્થાને મંગળ–શનિની યુતિ હતી, અને જન્મ લગ્નના રાહુ અને સૂર્યની તેના પર સંપૂર્ણ દૃષ્ટિ હતી. કર્મશાસ્ત્રોનો તેણે અભ્યાસ કર્યો હતો, એટલે તે જાણતી હતી કે કર્મના અવિચલ કાયદામાં જ્ઞાની, પરાક્રમી, તપસ્વી કે સંયમી સૌના માટે નિયમો તો એક સરખા છે. જે કર્મ બાંધ્યું તે અવશ્ય ભોગવવું જ રહ્યું પછી ભલે તે કર્મનો બંધ કરનાર મહાન શક્તિશાળી જીવ હોય કે રસ્તાનો રખડતો ભિખારી હોય.

યૌવન વયે એના લગ્ન એક ભારે તેજસ્વી રાજકુમાર સાથે નક્કી કરવામાં આવ્યા હતા, અને રાજકુમાર પોતાના રસાલા સાથે લગ્ન અર્થે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરીમાં આવી પહોંચ્યો હતો. નગરીના લોકો ઉત્સવ ઘેલા થઈ ગયા હતા. રાજ્યમહેલમાં પણ સર્વત્ર આનંદ આનંદ વર્તાઈ રહ્યો હતો.

પરન્તુ આનંદના વાતાવરણને શોકમાં ફેરવાય જતાં કયાં વાર લાગે છે? લક્ષ્મણાના લગ્નનો વિધિ પૂરો થયો હતો. અને હવે ચોરીમાં ફેરાઓ ફરવાની ક્રિયા શરૂ થઇ હતી. ત્રણ ફેરા પૂર્ણ થયા પછી, ચોથા ફેરા વખતે રાજકુમારને એક ઝેરી સર્પે દંશ દીધો, અને તેનું પ્રાણ પંખેરૂં ત્યાં ને ત્યાં જ ઊડી ગયું. જે લગ્નમંડપમાં લગ્નની ક્રિયા થઈ, તે જ લગ્નમંડપમાં લક્ષ્મણા વિધવા થઇ. પ્રણય જીવનની શરૂઆત થતાં પહેલાં જ પ્રણય પાત્રનો લોપ થયો. આથી વિશેષ દુ:ખમય ઘટના બીજી શી હોઈ શકે?

માતા પિતાએ અને સખીમંડળે લક્ષ્મણાને આ લગ્નની વાત ભૂલી જઇ બીજા લગ્ન કરી લેવાની સલાહ આપી, પરન્તુ લક્ષ્મણાનો તો એક જ જવાબ હતો. "જે સુખ મારા ભાગ્યમાં લખાયેલું નથી, એ સુખ હું ભોગવવા જ ઇચ્છતી નથી. મારા ભાગ્યમાં લગ્ન સુખ લખાયું હોત તો મારા પતિનું અવસાન અકાળે થાત જ કેમ?"

પ્રણયના માર્ગે પ્રયાણ કરવાને બદલે, ભર યૌવન અવસ્થામાં લક્ષ્મણા હવે વૈરાગ્યના પંથે પડી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવ જીવનનો મુખ્ય હેતુ ભોગ નહિ પણ ત્યાગ છે, એ વસ્તુ તે સમજતી હતી. ત્યાગ જીવન માટે તેણે તૈયારી શરૂ કરી દીધી, અને પછી તો દીક્ષા ગ્રહણ કરી અહિંસા-સંયમ અને તપનો માર્ગ સ્વીકાર્યો.

દીક્ષા લીધા પછી જ્યાં જ્યાં લક્ષ્મણા જતી ત્યાં ત્યાં મહાસતીજી તરીકે પૂજાતી હતી. તેના અપૂર્વ સૌન્દર્યની સાથોસાથ સંયમ અને તપનું તેજ એવું તો દીપતું કે બાળ, યુવાન કે વૃદ્ધ સ્ત્રી કે પુરુષ જે કોઈ એને જુવે, તેનું મસ્તક તેને નમી પડતું. વિકૃત કે વિલાસી વૃત્તિવાળી વ્યક્તિ પણ લક્ષ્મણાને જુવે, કે પાણીથી જેમ અગ્નિ શાંત થઈ જાય, તેમ તેની વિકૃત અને વિલાસી વૃત્તિઓ શાંત થઈ જતી. લક્ષ્મણાની કીર્તિ ચારે બાજુ ફેલાઇ હતી, અને દૂર દૂર દેશના પ્રવાસીઓ પણ તેના દર્શનનો લાભ લેવા ન ચૂકતાં.

વસંતઋતુમાં એક વખતે ઉપાશ્રયમાં આહારપાણી વાપરી લક્ષ્મણા સાધ્વી આરામ લઈ રહ્યા હતા. તે તે વખતે તેની દૃષ્ટિએ ચકલા ચકલીનું એક જોડકું પડ્યું. બંને પક્ષીઓ એક બીજાની ચાંચ એક-બીજાની ચાંચ સાથે જોડી ગેલ કરી રહ્યા હતા. મૈથુનની ક્રિયા કદી ન સેવી હોવા છતાં, માનવ હૃદયમાં સામાન્ય રીતે રહેલાં લગ્ન-પ્રણય-કામક્રીડાના સંસ્કારના બીજ તો લક્ષ્મણામાં પણ સુષુપ્ત અવ-સ્થામાં પડેલા હતા. ચકલા-ચકલીની મૈથુન ક્રિયા જોઇ સાધ્વી લક્ષ્મણા વિહ્વલ થયા, અને તેનામાં સ્ત્રી સુલભ કામવિકારની લાગણી જાગ્રત થઇ. સાધ્વીજી વિચારવા લાગ્યાઃ ક્ષુધાને શાંત કરવા માટે આહારપાણીના ઉપયોગમાં પાપ નથી, તેમજ કુદરતી રીતે શરીરમાં ઉત્પન્ન થતી હાજતો-લઘુશંકા, વડી-શંકાનું નિવારણ કરવામાં પણ દોષ નથી, તો પછી આ વિષયભોગ એ પણ એક પ્રકારની હાજત નથી તો શું છે? માનવ પ્રાણી માટે આ ક્રિયાને દોષ પાત્ર શા માટે માનવામાં આવી હશે? જ્ઞાની ભગવંતો તો પ્રકૃતિએ જ અવેદિ, એટલે સવેદિ-ઓના મનોભાવ અને તેનામાં ઉત્પન્ન થતી વિષય-વાસનાની અતૃપ્તિના કારણે ભોગવવી પડતી વ્યથા અને વિડંબનાની તેઓને શી ખબર પડે?'

માનવહૃદય એક કોયડા સમાન છે. એમાં સબળતા અને નિર્બલતા, સર્જક અને સંહાર શક્તિ, મધુરતા અને કડવાશ, વાસના અને વિશુદ્ધતા જોડકાની માફક રહેલા છે. માનવીના જીવનમાં, કોઇકવાર એક એવી વિરલ પળ આવે છે, જ્યારે માનવી તેને સંભાળી લઇ જો સ્થિર રહી શકે છે તો અનેક ભવોના ફેરાઓ ટાળી તે મુક્તિને પ્રાપ્ત કરી લે છે. પરન્તુ એ વિરલ પળે માનવી ભૂલે, અસ્થિર બને, પામરતા દાખવે તો તેના પરિણામે અનેક ભવચક્રોમાં ભટકવાનો વખત આવે. માત્ર એક ક્ષણ માટે જ લક્ષ્મણા સાધ્વીજી ભૂલ્યા, અને પળમાત્રની ભૂલ-તેના અનંતા ભવભ્રમણના કારણનું નિમિત્તરૂપ બની.

કાળમુખી એ પળ સમાપ્ત થતાં તો લક્ષ્મણાજી ભાનમાં આવી ગયા, અને વિચારવા લાગ્યાઃ અરેરે! હું શું વિચારી ગઇ? આવો ભયંકર વિચાર મારામાં ઉત્પન્ન કઈ રીતે થયો? ભગવાન સર્વજ્ઞ હોવા છતાં એને સવેદિના દુઃખની શી ખબર પડે, એવી શંકા કરી મેં ભગવાનની જ નિંદા અને મશ્કરી કરી! મૈથુનના પરિણામે લાખો જીવોનો સંહાર થાય છે તેમ સમજવા છતાં મૈથુન નિષેધ માટે જ મેં ટીકા કરી? મારું આજ સુધીનું તમામ તપ નિષ્ફળ ગયું, મારો સંયમ એળે ગયો, પાપને ઉત્તેજન મળે એવા વિચારો મેં કર્યા, અને તીર્થંકરો અને કેવળી ભગવંતોની હું નિંદક બની! અરેરે! મારા આ પાપનો નાશ કેમ કરીને થઇ શકશે?

સાંજની આવશ્યક ક્રિયા પતાવી લક્ષ્મણાજી પ્રાયશ્ચિત લેવા ગુરુદેવ પાસે પહોંચી ગયા. ગુરુદેવને વંદન કરી પૂછ્યું : ભગવંત! ચકલા ચકલીની મૈથુન-ક્રિયા જોઇને કોઇના મનમાં એ ક્રિયા પ્રત્યે આદર ઉત્પન્ન થાય તો તેને શું પ્રાયશ્ચિત લાગે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરુદેવે કહ્યું : આવો અયોગ્ય વિચાર આવવાના માટે એક અટ્ઠમનું તપ યોગ્ય પ્રાયશ્ચિત છે.

લક્ષ્મણા સાધ્વીએ પાછું પૂછયું : ભગવંત ! ભગવાન અવેદિ છે, અને સવેદિના મનોભાવ અને વ્યથાની એને ક્યાંથી સમજ હોય ? એવો વિચાર પણ વ્યકિતને મૈથુનની ક્રિયા નિહાળતી વખતે ઉત્પન્ન થયો હોય તો તેને કેવું પ્રાયશ્ચિત લાગે ?

ગુરુદેવે ગંભીર બની કહ્યું : લક્ષ્મણાજી ! આ તો મહાપાપ ગણાય, કારણ કે આમાં તો તીર્થંકર ભગવંતોનો તિરસ્કાર કર્યા જેવું થયું. આવા પાપના પ્રાયશ્ચિત અર્થે ગુરુદેવે પચાસ વરસની તપશ્ચર્યાના સમયમાં માત્ર બે વરસના દિવસો દરમ્યાન ખાવાની છૂટ રહે એવો વિધિ બતાવ્યો, અને સાથોસાથ નિઃશલ્યવ્રતની વાત સમજાવતાં કહ્યું કે આ વ્રત મનમાં કોઈ પણ જાતનું શલ્ય રાખ્યા વિના કરવાનું છે.

પાપનું પ્રાયશ્ચિત લીધા છતાં લક્ષ્મણાજીએ પોતે જ આ પાપના વિચારો કર્યા હતા એ સત્ય હકીકત ગુરુદેવથી ગોપવી હતી. આ રીતે લક્ષ્મણાજીએ સત્ય મહાવ્રતનો ભંગ કર્યો એટલું જ નહીં પણ તેણે દંભનો આચાર સેવ્યો હતો. ખરી હકીકત જાહેર કરવામાં આવે તો તેના કીર્તિ–પ્રતિષ્ઠા-મોભામાં ઓટ આવે, અને તેથી કરીને ધર્મ વગોવાય એમ પોતાના મનને સમજાવી સાચી હકીકત જે પ્રમાણે રજુ કરવી જોઈતી હતી તે પ્રમાણે ન કરી.

લક્ષ્મણાજી મહાન તપસ્વી હતા. પચાસ પચાસ વરસો સુધી અવિરતપણે તેનું વ્રત ચાલુ રહ્યું. એની કાયા હાડપિંજર જેવી થઈ ગઈ. એનું સૌન્દર્ય કરમાઈ ગયું, અને તેની વાસનાઓનો પણ નાશ થઈ ગયો. આવું મહાન તપ પણ તેના પાપનો ક્ષય ન કરી શકયું, કારણ કે એમાં હૃદયની શુદ્ધિનો અભાવ હતો. માયા, નિદાન અગર મિથ્યાત્વપૂર્વક કરાયેલા વ્રતને વ્રત કહી શકાય જ નહીં. શલ્ય રહિત બન્યા પછી જ વિધિપૂર્વક વ્રતનું પાલન કરે. તો જ તે સાચો વ્રતી બની શકે છે.


સમગ્ર જીવનનું સરવૈયું માનવીના મૃત્યુકાળે, એ ઇચ્છે કે ન ઇચ્છે તો પણ તેની સમક્ષ ખડું થાય છે. માનવી ગમે તેમ જીવે, અને તેમ છતાં ભવ્ય મૃત્યુ ને ઇચ્છે, તો તેમ કોઇ કાળે બન્યું નથી, અને કોઇ કાળે બનવાનું પણ નથી. માનવનું જેવું જીવન હોય છે, તેને અનુરૂપ તેને તેવું મૃત્યુ પ્રાપ્ત થાય છે લક્ષ્મણાના મૃત્યુ કાળે તેને આર્ત્ત-ધ્યાન થયું.

એ મહાન સાધ્વીના અંતકાળે ગુરુદેવે તેને ધર્મ ધ્યાન કરાવતાં કહ્યું: લક્ષ્મણાજી ! **सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ**–સત્યની આજ્ઞા ઉપર ઉભેલો બુદ્ધિશાળી મૃત્યુને તરી જાય છે. લક્ષ્મણાને આ ઉપદેશ સાંભળી ચકલા ચકલીની વાત યાદ આવી, અને તે બાબતના અંગે પોતે સેવેલા દંભ પરનો પડદો દૂર કરી ખરી હકીકત અશ્રુપૂર્ણ આંખે ગુરુદેવને કહી સંભળાવી, અને જીવનની છેલ્લી પળે અસત્યના આચરણરૂપ પાપના ભારથી હળવી બની ગઈ.

દંભ સેવનના કારણે અનંતા ભવો કર્યા પછી, લક્ષ્મણાજીનો જીવ સિદ્ધ, બુદ્ધ, અને મુકત થશે માત્ર કાયા અને વાણીના પાપથી મુકત રહેવું એટલું બસ નથી, પરન્તુ મનમાં પાપનો વિચાર પણ ન આવે એ રીતે જીવન જીવતાં શીખવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્મગુરુ અને ડૉકટર*–
## આધુનિક માનવસેવામાં

પ્રખ્યાત નાટ્યકાર બર્નાર્ડ શૉએ પોતાના કટાક્ષ નાટક "ધી ડૉકટર્સ ડાયલેમા'માં માંદગીના યાંત્રિક ચિકિત્સાપ્રધાન ઉપચારોની ટીકા કરી છે. તે નાટકમાં એક જડવાદી સર્જન પોતાના ક્ષયરોગના દર્દીને કહે છે કે "મારે મન તમે એક રણક્ષેત્ર જેવા છો, જેમાં ક્ષયના ભક્ષક જંતુઓ જીવનના રક્ષક જંતુઓ સામે યુદ્ધ લડી રહ્યા છે." આજે લગભગ બધા દર્દીઓ આવી રીતે જ વિચારે છે. તેઓ ઊંડે ઊંડે એમ ઈચ્છે છે કે તેમનું જીવનચૈતન્ય આ બાબતમાં વિગ્રહથી મુક્ત રહે. રોગનિવારણની સર્વ ક્રિયાઓ માત્ર દવાની શીશી, કે માત્ર સર્જનની છરી અને પિચકારીથી સમાપ્ત થાય તેમ તેઓ ઇચ્છે છે.

છેલ્લા પચાસ વર્ષથી રોગનિવારણમાં ધર્મ અને વૈદક ભિન્ન રહ્યા છે. પરિણામે ઘણી જ હાનિ થઈ છે. આજે ધર્મગુરુ અને ડૉકટર બંનેનો સહકાર જરૂરી લાગે છે. અત્યારે બે પ્રશ્નો ઉપસ્થિત થાય છે (૧) અદ્યતન વિજ્ઞાન પાસેથી ધર્મશાસ્ત્ર શું શીખી શકે? (૨) ઔષધોપચાર અને અધ્યાત્મવિદ્યા વચ્ચે શો સંબંધ હોઇ શકે?

શરીર અને આત્માના પરસ્પર સંબંધોનો આ પ્રશ્ન આજે વધુ કાળજીપૂર્વક વિચારવો જરૂરી છે. માણસ તેના શરીરબંધારણ સાથે ખૂબ જ સંકળાયેલ છે. ધર્મચૂસ્ત માણસો આ બાબતની અવગણના કરે છે. તેઓ દેહરચનાના ખ્યાલને અવગણીને માત્ર શ્રદ્ધા પર મદાર બાંધે છે. પરંતુ શ્રદ્ધા બધું કરી શકે નહીં. મૂત્રાશયના 'સ્રોરોસીસ'ના દર્દમાં ઇશ્વર પ્રાર્થના માત્ર શું કરે? તેવું જ બરલના કેન્સરની કે કાણાં પડેલાં ફેફસાંની બાબતમાં સમજવું. આ દર્દો માત્ર શ્રદ્ધાથી સુધર્યા નથી, હા, કેટલાક દાખલાઓમાં થોડો વખત માનસિક સ્થિરતા મળતાં તે વિલંબન પામ્યા હોય. જો કે આ સમય દરમિયાન પણ તેમની ભયંકરતા વધતી જતી હોય છે. શારીરિક ક્રિયાઓ માણસની ઇચ્છાશક્તિ તથા બુદ્ધિ બંને પર પ્રબળ અસર પાડે છે. ઓછામાં ઓછી અમુક 'કેલોરીઝ' (calories) ન મળે તો માણસ જનાવર જેવો થઈ જાય છે. તેમજ અતિશય થાક, ભૂખ, ઠંડી વગેરેથી માણસની નૈતિક શક્તિઓ નબળી પડે છે તેના અનેક દાખલાઓ યુદ્ધકાળમાં સાબિત થયા છે. જીવનની પલટાતી અવસ્થાઓના સંધિકાળો શારીરિક પ્રક્રિયાઓમાં કોઈવાર ઉત્તેજના અને કોઈવાર મંદત્વ લાવે છે. એ જ રીતે નાજુક, નબળો, ઊર્મિલ માણસ જાડા માણસ કરતાં પ્રેમ, પ્રાર્થના કે વર્તનમાં ઘણો જૂદો પડે છે. કેટલાંક કુટુંબો પુરાણાં, જીર્ણ અને ખખડી ગયેલ હોય છે આ વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થયેલ બાબતો જો ધર્મગુરુઓ ન જાણે તો ઘણું નુકશાન થવા સંભવ છે.

તેથી ય વિશેષ આશ્ચર્ય પમાડે તેવું મગજની રચના વિશેના અભ્યાસમાં થયું છે. 'મગજ ચિકિત્સા' (Brain Pathology) તો અંગ-

---

* 'યુનિવર્સિટાસ' વો. ૩. અંક ૨માં આવેલા પ્રો. એડોલ્ફ કોર્બેલ તુઇબિન્જનના લેખના આધારે. રૂપાંતરકાર–પ્રા. નર્મદાશંકર જ. ત્રિવેદી એમ. એ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રચના અને દેહબંધારણ ઉપર જ ચિત્તની વૃત્તિઓનો આધાર છે તેમ કહે છે. એટલે કે આપણા આધ્યાત્મિક અનુભવો મગજનાં કેટલાંક કેંદ્રો ઉપર આધાર રાખે છે. જો આ કેંદ્રો કલુષિત બને અથવા નાશ પામે તો માનવનું આધ્યાત્મિક જીવન એવી જ રીતે વિકૃત બને. અતિશય યાતના કે નિરાશા વડે એક પ્રકારની બુદ્ધિની મંદતા પેદા થાય છે. પણ આ મંદત્વ માત્ર મગજના કલુષિત કેંદ્રોને વીજળીનો આંચકો આપીને સુધારી શકાય છે. આમ ભૌતિક વિજ્ઞાન અને શરીરવિજ્ઞાન આગળ વધ્યાં છે અને આત્મા તથા દેહના સંબંધોના ખ્યાલ ઊંડા અને જટિલ બન્યા છે. પણ આથી અધ્યાત્મ જીવન એ શરીરના વ્યવસાયોનું જ એકમાત્ર પરિણામ છે એમ સમજવાનું નથી.

શરીરની ક્રિયાઓ ઉપર આધ્યાત્મિક જીવનનો આધાર છે, પણ તે છતાં તે બંને એક નથી. કેમકે માણસનું ચૈતન્યમય વ્યક્તિત્વ તેના રોગથી અલગ એક વિશિષ્ટ બાબત છે, એટલે કે વ્યક્તિત્વને પણ અવકાશ રહે છે. કેટલીક માંદગીઓ આધ્યાત્મિક અંશોનો નાશ કરે છે. પણ એ છતાં દરેક માણસ પોતાની જાતને પૂરી સમજી શકે તે માટે પ્રયત્ન કરવો પડે છે; પોતાની નૈતિક શક્તિના બળાબળનો (self-determination સ્પષ્ટ વિચાર કરવો પડે છે; સ્વતંત્ર રીતે સદ્ અસદ્‌નો નિર્ણય જાતે જ કરવો પડે છે.

આજે શરીરવિજ્ઞાન અને મનોવિજ્ઞાનના ક્ષેત્રોમાં ખૂબ જ વિકાસ થયો છે. ત્યારે પ્રકૃતિ અને ચેતના, દેહ અને આત્મા, જીવ અને બ્રહ્મ, ઇંદ્રિયપરાયણતા અને વિવેક વગેરે વચ્ચે ભૂલાયેલા સંબંધનો પાછો સુમેળ કરવો તે મહાન કર્તવ્ય થઈ પડે છે. ધર્મશાસ્ત્રોએ પુનઃ પ્રતિપાદન કરવું ઘટે છે કે પ્રકૃતિ નિર્મિત જીવનમાં જ આધ્યાત્મિક જીવન સ્થપાયેલ છે. જો ધર્મશાસ્ત્રો વિજ્ઞાનના નક્કર સત્યોને ન સ્વીકારે તો તે માણસોની શ્રદ્ધા ગુમાવી બેસશે.

તે જ પ્રમાણે ડૉકટરોએ પણ માત્ર શરીરશાસ્ત્ર પર' મદાર બાંધવો જોઈએ નહીં. તેણે 'ઓપરેશન ટેબલ' ઉપર શસ્ત્રક્રિયા માટે રખાયેલ કોઈ પશુ હોય એ રીતે માણસની ગણના કરવી જોઈએ નહીં.

બીજી રીતે જોતાં આજે તે પણ સાબિત થયું છે કે અતિશય વેદનાથી, માણસના અવયવો તબીબી તપાસે નિરોગી લાગે તો પણ, તેની ક્રિયામાં તેને ઘણી જ ઈજા થયેલી હોય છે. એટલે કે તબીબી તપાસ નિરોગી જણે તો પણ દર્દીને મન તો તે પોતે થાકેલ, મંદ, નિષ્પ્રાણ જેવો હોય છે. એનો અર્થ એ છે કે આધ્યાત્મિક જીવનની અસર શરીરની ક્રિયાઓ ઉપર થાય છે. વિકટર વૉન વાઇઝકરે કહ્યું છે કે દરેક માંદગી કંઈને કંઈ પચાવી ન શકાય તેવા આધ્યાત્મિક અનુભવોની અસરથી ઉત્પન્ન થાય છે. જ્યારે જ્યારે માણસને કડવો અણગમાજનક અનુભવ થાય છે ત્યારે જ તે માંદો પડે છે.

ડૉકટર પોલ ટુર્નિયરે "માંદગી અને જીવવા વિશેના પ્રશ્નો' નામના ગ્રંથમાં દર્શાવ્યું છે કે અમુક માનસિક આઘાતના પરિણામે અમુક રોગ ઉત્પન્ન થાય છે. દા. ત. દમનો વ્યાધિ ઠંડી હવા કરતાં ચિંતાના દબાણથી, હૃદયરોગ પણ માનસિક યાતનાને લીધે વગેરે.

આ બધું શું સૂચવે છે? માત્ર વૈજ્ઞાનિક કે યાંત્રિક ઉપચારો સર્વસ્વ નથી. અકસ્માત થાય ત્યારે શસ્ત્રોપચાર કરાય છે પણ તે થયો શા માટે તેના કારણ અને ઉપચારમાં સંકલિત માનસિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો તે જરૂરી છે. જો ડૉકટર શરીરના આંતરિક રોગની દવા કરે છે તેણે તો દરેક વ્યક્તિના જીવન ઘડનાર પ્રસંગો પરથી વિશિષ્ટ અભ્યાસ કરીને રોગના ઉપચારક ઔષધો વિચારવા વધુ શાસ્ત્રીય છે આમાં ડૉકટરે દર્દીની અંતર્ગત ઊર્મિઓ તથા મનોગત વ્રણો વિશે વિચારણા કરવી પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ શરીર અને ચેતનાના સંબંધ વિશે વિચારતાં ડૉક્ટર અને ધર્મગુરૂ એટલે કે શરીરવિદ્યા તથા માનસશાસ્ત્રનો સુમેળ જરૂરી છે. આ રીતે વિચારતાં પાપમૂલક ગુનાહિત મનની સ્થિતિમાંથી, વ્યક્તિને પોતાના ભાવિ વિશેની શ્રદ્ધાના અભાવમાંથી અને સામાજિક જીવનમાં ઊર્મિસંઘર્ષમાંથી તેમ ત્રણ રીતે રોગો ઉત્પન્ન થતા હોય તેમ જણાય છે.

રોગનું પહેલું કારણ તે પાપ કે પાપ કર્યાનું ગુનાહિત મન. યુદ્ધ અને યુદ્ધોત્તર સમયમાં માણસના ઊર્મિજીવનમાં એક જાતની અવ્યવસ્થા વ્યાપી છે, અને જાતીય વાસનાક્ષેત્રે અનેક ગૂંચો ઊભી છે. આ રોગી અવસ્થા માટે કશું જ નિવારણ થયું નથી. દરેક માણસ પોતાની ચિંતા કે પાપનો પોટલો માથે લઈને ફરે છે, અને પરિણામે તે વ્યગ્ર, અનિદ્રિત, આત્મનિંદિત જીવન જીવે છે. પાપનો એકરાર તે તેનો નિવેડો નથી. આ માટે દિવ્ય જીવન સાથે વ્યક્તિનું સમાધાન કરવું જરૂરી છે. પાપની મુક્તિ માટે ક્ષમા યાચના દૈવી રીતે પ્રાપ્ત થવી જોઈએ. અહીં જ ધર્મગુરૂની જરૂર રહે છે. માણસ અને ઈશ્વર વચ્ચે તે સમાધાન કરાવે છે.

રોગનું બીજું કારણ તે માણસને આજે પોતાના ભવિષ્ય વિશે સંપૂર્ણ નિરાશા છે. તે તેના લીધે માણસો અકાળે વૃદ્ધ બને છે કેટલાયે માણસોએ ઘરબાર, સ્વજનો, સ્વદેશ વગેરે યુદ્ધમાં ખોયાં છે. આ દુઃખ સામે આંતરિક તીવ્ર વિરોધ તેને સંતપ્ત કરે છે અને તેનામાં મંદાગ્નિના રોગો ઉપજાવે છે. જ્યાં શોક કે કડવાશ હૈયું કોરી ખાતી હોય, ત્યાં લોહીની સમતોલના ક્યાંથી રહે કે ફેફસાં અને નસોનું કાર્ય સ્વસ્થ રીતે ક્યાંથી ચાલે? દવાઓ ત્યાં શું કરે? અહીં તો ધર્મગુરુઓ જ આવા નિરાશ, મનોપીડિત માનવોને નવી આશા અને નવી ધાર્મિક પ્રેરણા આપી શકે. ધર્મગુરુઓએ પયગંબર ઈસુની જેમ પરપીડાહરણ માટે દુઃખભંજક બલિદાનનો માર્ગ સ્વેચ્છાપૂર્વક લેવો ઘટે. તો જ પ્રારબ્ધ અને પરમાત્મા બંને સાથે પુરુષ સમાધાન સાધી શકશે.

માનસશાસ્ત્ર પ્રમાણે દરેક માણસ પોતાના સુષુપ્ત મનમાં હંમેશા અમુક આદર્શો (archetypal ideals) રાખે છે જ. આ આદર્શો ખાતર તે જીવે છે ને સહે છે. પણ દુઃખથી તેમાં અંતરાય થાય છે. મનની વાસનાઓ તેને ઠેલો મારે છે. આવા સમયે આપણે રોગના ભોગ થઈએ છીએ. વેદના અસહ્ય થતાં દારૂ જેવું કાંઈક લઈએ છીએ. તેથી જ ધર્મગુરુઓએ તેમજ ડૉક્ટરોએ માણસના આ નૂતન પાસાનો અભ્યાસ કરવો જરૂરી બને છે.

રોગનું ત્રીજું કારણ સામાજિક જીવનમાં બનતા આઘાતજનક પ્રસંગો છે. વ્યક્તિવાદને પરિણામે સાંઘિક જીવનની ભાવના ઘસાઈ ગઈ છે, અને પિતા ને પુત્ર વચ્ચે, પતિ ને પત્ની વચ્ચે, ઘરધણી ને ભાડૂત વચ્ચે વગેરે અનેક જાતના સંઘર્ષો રહે છે. પરિણામે આઘાતજન્ય રોગો જન્મે છે. દા. ત. નવોઢા પત્ની મૂર્છિત થયા કરે છે તે અણગમાજનક વ્યક્તિના નિકટપણાને લીધે, કદાચ કડવી સાસુને લીધે. આવાં અનેક દૃષ્ટાંતો મળી આવે તેમ છે. આવા ક્ષેત્રે ધર્મગુરૂનું કાર્ય શાંતિના દૂત તરીકે અગત્યનું છે. ડૉક્ટરને તે મદદ કરી શકે છે કારણ કે આવા કિસ્સાઓમાં સાચી રીતે સ્થિતપ્રજ્ઞ, સહૃદયી ધર્મગુરુ જ સંઘર્ષ નિવારી શકે, ગુન્હો ગાળી શકે, ક્ષમા ઉતારી શકે અને બંધુત્વનો ભાવ પુનઃ સ્થાપી શકે તેમ છે. દેહચિકિત્સક ડૉક્ટર અને સૂક્ષ્મ દેહના ચિકિત્સક ધર્મગુરુ એ બંને ચિકિત્સકો ભેળા મળી કામ કરે તો જ માણસના દેહ અને આત્માનું સંમિશ્રિત વ્યક્તિત્વ (Composite personality) સમજી શકાય. તેથી જ શરીરચિકિત્સકો આત્મવિદ્યા સમજે અને આત્મવિદ્યા સમજનાર ધર્મગુરૂઓ શરીરશાસ્ત્ર સમજે તે જરૂરી છે. આ પરસ્પરનો અભ્યાસ–બંને પાસાંનો– થવો જોઈએ. ડૉક્ટરો તેમજ ધર્મગુરુઓના સંમેલનો યોજવા જોઈએ, જેથી બંને વચ્ચે વિનિમય વધે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રીમદ્ ઉપાધ્યાય યશોવિજયકૃત આઠ દૃષ્ટિની સઝાયો ભાવાર્થસહિત

# મિત્રા દૃષ્ટિની સઝાય

સં. ડૉ. વલભદાસ નેણશીભાઈ (મોરબી)

(૧) શિવ સુખ કારણ ઉપદિશી,
યોગ તણી અડદિટ્ઠી રે. ॥
તે ગુણી શુભ જિનવરનો,
કરીશું ધર્મની પુટ્ઠી રે. ॥ ૧
વીર જીનેશ્વર દેશના

**ભાવાર્થ** :—અવ્યાબાધ મોક્ષ સુખના કારણભૂત શ્રી વીરપ્રભુએ, યોગની આઠ દૃષ્ટિ બતાવેલી છે તે શ્રી વીરપ્રભુના ગુણની સ્તુતિ કરીને અમે ધર્મની પુષ્ટિ કરીશું.

**સ્પષ્ટાર્થ** :—જીવને અનંત કર્મો લાગેલાં છે. તેમાંથી મુખ્ય આઠ કર્મો છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, અને વેદનીય એ ચાર કર્મોની ૩૦ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે, મોહનીય કર્મની ૭૦ કોડાકોડી સાગરોપમ સ્થિતિ છે. નામ અને ગોત્રની ૨૦ કોડાકોડી, અને આયુષ્ય કર્મની ૩૩ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે—આયુષ્ય સિવાય સાતે કર્મોની દેશે ઉણી (કાંઈક ઓછી) એક કોડા કોડી સાગરોપમની સ્થિતિ રહે ત્યારે તેને યથાપ્રવૃતિકરણ કહે છે.

જ્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી કર્તાની સ્થિતિ રેંટના ઘડાઓની માફક એક કોડાકોડી સાગરોપમમાંથી ૭૦ અને ૭૦ કોડાકોડી સાગરોપમમાંથી એક એમ વૃદ્ધિ- હાનિ થયા જ કરે છે—આ અરહટઘટ ન્યાય પ્રમાણે ભવી કે અભવી જીવો અનંતવાર યથાપ્રવૃતિકરણ સુધી આવીને પાછા ઉત્કૃષ્ટ કર્મબંધનની સ્થિતિમાં આવ્યા જ કરે છે. આ સંબંધમાં શાસ્ત્રકાર મહારાજા પણ જણાવે છે કે :—

કર્મની ગાંઠ એટલે આત્માનો રાગદ્વેષજન્ય નિબીડ કર્મોનો કિલષ્ટ અધ્યવસાય :—જ્યાંસુધી જીવાત્મા આ ગાઢ મિથ્યાત્વયુક્ત ગ્રંથીને છેદે નહીં ત્યાં સુધી શુભ વિચારપૂર્વક અનેક શુભ કરણીયો કરે, અનેક વખત વ્રત નિયમાદિનું પાલન કરે છતાં ગ્રંથીને ભેદી શકે નહીં—અર્થાત્ નિબીડ કર્મના કિલષ્ટ અધ્યવસાયોનો નાશ કરવા શક્તિમાન જ ન થાય તેને યથાપ્રવૃત્તિકરણ કહે છે.

શ્રી સદ્ગુરૂની નિશ્રાએ અવ્યક્તપણે (વાસ્તવિક માર્ગને જાણ્યા વિના) અનેક જન્મો સુધી સેવેલા સદ્ક્રિયા, સદ્સંસ્કારો અને સદ્ભાવનાથી આત્મા શુભ પરિણામી થઈને સાતે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિને ખપાવીને એક કો૦ કો૦ સા૦ની પણ અંદર લાવ્યા પછી અનાદિકાળના અજ્ઞાનપણાને લઈને બહિરાત્મભાવે પારણામ પામતી અંતરવૃત્તિઓને પલ્ટી નાંખીને અંતર સન્મુખ થઈ જવામાં (જીવનનું પરીવર્તન કરવામાં) પ્રબળ શક્તિમાન શ્રી સદ્ગુરૂદેવનો સત્સમાગમ થતાં, આત્મ કલ્યાણ થવાની સાચી અને તીવ્ર જીજ્ઞાસા જાગતાં અંતરદૃષ્ટિથી સદ્ગુરૂનું વાસ્તવિક સ્વરૂપ સમજીને, અંતર ત્યાગ-વૈરાગ્ય પ્રાપ્ત કરીને અનન્ય ભક્તિ તથા અડગ શ્રદ્ધાથી કર્મોની કિલષ્ટ પરિણામરૂપ ગ્રંથીને ભેદીને સ્વસ્વરૂપ સન્મુખ થવા માટે **અપૂર્વ ઉલ્લાસભાવને** પામે તેને **અપૂર્વ કરણ કહે છે.**

અનંત કાલ સંસાર પરિભ્રમણ કરતાં, અને અનેક સાધનોનું સેવન કર્યા છતાં પણ કોઈ કાળે પૂર્વે જે ભાવ પામ્યો નથી તેવા અપૂર્વ ભાવને પામીને ત્યાગ-વૈરાગ્ય-ભક્તિ અને શ્રદ્ધાની વિશેષતાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે વિવેક અને આત્મબલની જાગૃતિથી સ્વસ્વરૂપ સ્વાનુભવ ( સમ્યક્જ્ઞાન )ની પ્રાપ્તિ થાય તેને **અનિવૃત્તિ** કરણ કહે છે. અર્થાત્ જે સ્વરૂપ પ્રાપ્ત થયા પછી સંસાર તરફ પાછો ન વળે, અથવા સંસારમાં રહેલા અનાદિ મિથ્યાત્વીની જેમ તન્મય, તદાકાર ન થઈ જાય તેને જ **અનિવૃત્તિકરણ** કહે છે.

આ આઠ દૃષ્ટિમાં પ્રથમની ચાર **દૃષ્ટિઓ મિથ્યાત્વ અવસ્થાની** છે **સમકિતની પ્રાપ્તિ તો ૫ મી** સ્થિરા દૃષ્ટિથી **થાય છે.** અત્યારે તો ચાર દૃષ્ટિ સુધી જીવાત્માએ શું શું કર્યું, શું શું કરે છે. અને શું શું કરી શકશે ? તેનો જ યથાર્થ ચિતાર વર્ણવ્યો છે.

મોક્ષ મેળવવાની ઇચ્છાને જીજ્ઞાસા કહે છે. આ ઇચ્છા બે પ્રકારે હોય છે. એક **કુલાચારના સંસ્કારથી**, અને બીજી પૂર્વ જન્મના સંસ્કારથી. જે જીવ પરમાર્થ માર્ગના યથાર્થ સ્વરૂપને જાણ્યા વિના ઓઘ સંજ્ઞા લોક સંજ્ઞા, દેખાદેખી કે કુલાચારથી ધર્મક્રિયાઓ કરતાં કલ્યાણ કરવાની જે ભાવના રાખે છે તે **સાચી જીજ્ઞાસા** કહેવાય નહીં પણ તેને તો કુલાચાર પૂર્વક **ધર્મની અભિલાષા** કહે છે, અને જે પૂર્વજન્મના સંસ્કારથી પરમાર્થ માર્ગ પામવાની સાચી ભાવના જાગૃત થાય તેને જ જીજ્ઞાસા કે **મુમુક્ષુતા** કહે છે. આવી સાચી જીજ્ઞાસા જાગૃત થયા વિના ઓઘસંજ્ઞાદિ ભાવોથી જે ધર્મક્રિયાઓ કરનાર કે ધર્મની ભાવનાઓ રાખનાર જીવ પણ કયાં સુધી ચડી શકે છે તેનો **ચિતાર આ પહેલી** ઢાળથી બતાવેલ છે.

> **સઘન** અઘન દિન રયણીમાં,
> બાલ વિકલને અનેરા રે ....
> અર્થ જુએ જેમ જુજુઆ,
> તેમ ઓઘ નજરના ફેરા રે... (૨)
> વીર જીનેશ્વર દેશના.

**ભાવાર્થ** :—સઘન રાત્રિ ( વાદળા સહિત રાત્રિ ), અઘનરાત્રિ ( વાદળાં રહિત રાત્રિ ) સઘન દિવસ—અઘન દિવસ—આ ચારે ભેદનો એ સાર છે કે વાદળા **સહિત** રાત્રિ, એ આત્માની અજ્ઞાનદશાની નિદ્રાવસ્થા છે, તેને જૈન શાસ્ત્રકાર **ગાઢ મિથ્યાત્વ** દશા ( મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ) કહે છે. વાદળા **રહિત રાત્રિ** એ બીજી **સ્વપ્નાવસ્થા** છે જેને **મિથ્યાત્વ** કહે છે. ત્રીજી સઘન દિવસ **દશા** જાગ્રત **દશા** છે જેને **સ્વાનુભવ સમ્યક્ત્વદશા** કહે છે અને ચોથી **અઘન દિવસ** જેને **ઉજાગરતા વા પૂર્ણ બ્રહ્મદશા** કહે છે અને તેને સંપૂર્ણ નિરાવરણતા વા **કેવળજ્ઞાનદશા** કહે છે.

**સ્પષ્ટાર્થ**:—આ ચારે દશાની સંકલના કરીને પ્રથમની ચાર દૃષ્ટિ સુધી નિદ્રા—સ્વપ્નાવસ્થા હોય છે. ૫-૬-૭ એ ત્રણ દૃષ્ટિએ **જાગૃતદશા**માં એટલે સવિરતિ દશા અને અપ્રમત્તદશામાં હોય છે. અને છેલ્લી પરાદૃષ્ટિ એટલે જગતથી પર થઇ જે ઉત્કૃષ્ટ સ્થિતિ તે **કેવળજ્ઞાનદશા**માં હોય છે.

જેમ વાદળ સહિત અને વાદળ રહિત રાત્રિ અને દીવસમાં પ્રકાશની તારતમ્યતા રહે છે તે જ પ્રમાણે ગૂઢ મિથ્યાત્વ, અને મિથ્યાત્વ, તથા સમ્યક્જ્ઞાન અને પૂર્ણ જ્ઞાનમાં ન્યૂનાધિકતા રહે છે. અર્થાત્ આવરણની તારતમ્યતા અને ક્ષયોપશમની ન્યૂનાધિકતાને લઇને જ્ઞાનની પણ તારતમ્યતા રહે છે. આ બધું ઓઘી સંજ્ઞાનું જ પરિણમન છે. કારણ કે **શ્રેયદૃષ્ટિ** અનેક પ્રકારની હોવાથી જ્ઞાનાવરણાદિ કર્મોના ક્ષયોપશમ પ્રમાણે બોધ થાય છે.

> (૩) દર્શન જે થયાં જુજુઆ તે ઓઘી નજરને ફેરે રે;
> ભેદ થિરાદિક દૃષ્ટિમાં, સમકિત દૃષ્ટિને કેરે રે.
> વીર જિનેશ્વર દેશના૦

**ભાવાર્થ** :—કોઇ પણ કાર્યની સિદ્ધિ ઉપાદાનની મુખ્યતા અને નિમિતની સહાયતાને લઇને જ થાય છે એ વાત નિર્વિવાદ છે. જ્યારે ઉપાદાનની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુખ્યતા વા દ્રઢતાનો લક્ષ ભૂલી જઇને એટલે ઉપાદાન શૂન્ય બનીને નિમિત્તોનું આગ્રહવૃત્તિએ સેવન થાય છે ત્યારે જ અનેક મતભેદો અને અનેક સંપ્રદાયો ઉદ્‌ભવે છે, અને તે મતભેદો ભિન્ન ભિન્ન દર્શનનું સ્વરૂપ પકડે છે જ્યાં સુધી ઉપાદાનની દ્રઢતા સર્વથા શૂન્ય થતી નથી અને નિમિત સેવનમાં સરલતા રહે છે ત્યાં સુધી તો મતભેદોથી ઉત્પન્ન થયેલી ભાવનાઓ દર્શનરૂપે પરિણમે છે, પરંતુ જ્યારે ઉપાદાન ( આત્મ જાગૃતિ )ને ભૂલી જઇને નિમિતોમાં જ કદાગ્રહી બને છે ત્યારે તે દર્શન-ભાવથી પરાંગ મુખ થઇને મતાગ્રહભાવમાં જ મુગ્ધ બનીને પરમાર્થ માર્ગથી વિમુખ થાય છે. આ ઉપરથી એ ફલિતાર્થ નીકળે છે કે જ્યાં આત્માની અથવા સન્માર્ગની અલ્પ પણ ઝાંખી (આરાધના) હોય ત્યાં દર્શન છે અને જ્યાં દર્શન છે ત્યાં સમ્યક્‌ત્વ છે અને જ્યાં મત છે ત્યાં મિથ્યાત્વ છે. પ્રભા સમાન બોધ (સમજણ પ્રથમની ચાર દૃષ્ટિમાં મિથ્યાત્વદશામાં હોય છે અને તારા-ચંદ્ર-સૂર્ય તથા રત્નની પ્રભા સમાન પછીની ચાર દૃષ્ટિમાં સમકિતદશામાં હોય છે.

(૪) દર્શન સકળના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે,
હિતકારી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે ॥ વીર૦

ભાવાર્થ:–દર્શન ત્યાં સમકિત અને મત ત્યાં મિથ્યાત્વ, આ સિદ્ધાંત લક્ષમાં રાખીને સર્વ દર્શનના નયોને સ્વીકારીને પોતે પોતાના સ્વભાવમાં રહે, કોઇપણ દર્શન તરફ ઉપેક્ષા અરૂચિ કે દ્વેષ ન રાખે એવી મધ્યસ્થતામાં રહે તેને મિત્રા દ્રષ્ટિ કહે છે–છએ દર્શનોમાં અંશે અંશે સત્યતા છે. પણ જૈન દર્શન બધા નયની અપેક્ષાએ પૂર્ણ છે. જૈન દર્શન એટલે કષાય, વિષય અને રાગદ્વેષનાં બંધનોથી મુક્ત થઇને વિશુદ્ધ નિરાવરણ એવા અનંત જ્ઞાન-દર્શનમાં તન્મય થઇ જવાનો, સ્થિર થઇ જવાનો જે વીતરાગ માર્ગ તેને જ જૈનદર્શન વા વીતરાગ દર્શન કહે છે.-સર્વ દર્શનો જ ભિન્ન ભિન્ન નયની અપેક્ષાએ સ્વીકારીને પોતે પોતાના શુદ્ધ સ્વરૂપમાં હિતકારી જનને સંજીવન એવી સંજીવની ઔષધિનો ચારો ચરાવીને વર્તે તે જ પરમાર્થ માર્ગનો આરાધક બને છે.

( સ્રીએ પોતાના પતિને બળદ બનાવી દીધેલ તેનું દ્રષ્ટાંત )

આ દ્રષ્ટાંતનો સાર એ છે કે, અનાદિકાલના અજ્ઞાનપણાને લઇને વાસનાસક્ત થવાથી મનુષ્ય પશુ સમાન બની ગયેલ છે કારણકે ઇંદ્રિઓને વશ થાય તે પશુ, ઇદ્રિઓને વશ કરવા પ્રયત્નશીલ બને તે મનુષ્ય, અને ઇંદ્રિઓને વશ કરીને આત્મ સ્વભાવમાં વર્તે તે દેવ–આવા વાસનાસક્ત પશુ સમાન જીવનમાંથી મુક્ત કરીને વાસના વિરક્ત થઇને જીવનને દિવ્ય બનાવે તેજ દેવ કહેવાય છે.

(૫) દ્રષ્ટિ થિરાદિક ચારમાં, મુક્તિ પ્રયાણ ન ભાજે રે,
રયણી શયન જેમ શ્રમ હરે, સુર નર સુખ તેમ છાજે રે—વીર૦

ભાવાર્થ:—પ્રથમની ચાર દ્રષ્ટિમાં આરાધકપણું કે સાધકદશા કહી છે. અને પાછળની ચાર દ્રષ્ટિમાં વર્તતા જીવને પ્રાયે કરીને અપરાવર્તન સમકિત ( પામીને વમી ન જાય તેવું ) હોય છે. તેથી તે જ્ઞાની મહાત્મા વિરતિ અપ્રમત્ત દશા અને ક્ષપક શ્રેણીએ ચઢીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે–કદાચ આ જ્ઞાની મહાત્માને સતાગત કર્મો ભોગવવાના અવશેષ રહેલાં હોય તો વચમાં સુબાહુ-કુમાર તથા શ્રીપાલ રાજાની જેમ દેવ કે મનુષ્યોના ભવો કરીને છેવટે અવશ્ય મોક્ષે જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના

**શ્રી રાધનપુર** (એક ઐતિહાસિક પરિચય) લેખક : ધર્મજયંતોપાસક મુનિરાજશ્રી વિશાલવિજયજી મહારાજ. પ્રકાશક : શ્રી યશોવિજય જૈન ગ્રન્થમાળા, ગાંધીચોક, ભાવનગર મૂલ્ય ૦–૭૫ નયા પૈસા.

આ પુસ્તકમાં ઇતિહાસવિદ્ મુનિશ્રીએ રાત્રનપુર વિષેનો સુંદર પરિચય આપ્યો છે. તેમાંની માહિતી એકઠી કરી અને ઐતિહાસિક હકીકતોનું સંશોધન કરી રજુઆત કરવામાં મુનિશ્રીએ ઘણો જ શ્રમ લીધો છે તેમાં ઉપયોગી શિલાલેખો, ફોટાઓ વગેરે આપી પુસ્તકનું મહત્ત્વ વધાર્યું છે. આ વિષયના અભ્યાસીઓએ આ પુસ્તક જોઈ જવા જેવું છે.

**શ્રી રાધનપુર પ્રતિમાલેખ સંગ્રહ:—** સંપાદક મુનિરાજ શ્રી વિશાળવિજયજી મહારાજ, પ્રકાશક ઉપર મુજબ કીં. પાંચ રૂપીઆ.

વિદ્વાન મુનિરાજે આ પુસ્તકમાં રાધનપુરના ૨૬ જિનાલયોમાંથી લીધેલા ૫૦૦ જેટલા પ્રતિમાલેખોનો સંગ્રહ આપ્યો છે. તે ઐતિહાસિક સંશોધન માટે ખરેખર અમૂલ્ય સેવા ગણાય. પુસ્તકના પરિશિષ્ટમાં રાધનપુરના ઇતિહાસ માટે ઉપયોગી રચનાઓ, સ્તવનો, કવિતાઓ વગેરે આપી પુસ્તકની ઉપયોગિતામાં વધારો કર્યો છે. પુસ્તકનું પુંઠું પાકું, સુંદર જેકેટ અને સારૂં બાઈન્ડીંગ કરી વધારે સુશોભિત બનાવ્યું છે.

**શ્રી ભીલડિયા પાર્શ્વનાથજી તીર્થ :** લેખક અને પ્રકાશક ઉપર મુજબ મૂલ્ય ૦–૬૦ નયા **પૈસા.**

આ પુસ્તિકામાં શ્રી ભીલડિયા પાર્શ્વનાથજી તીર્થનો સુંદર પરિચય આપવામાં આવ્યો છે. ઐતિહાસિક વિગતોથી પુસ્તિકાને ઉપયોગી બનાવેલ છે. ઇતિહાસરસિકોએ તથા તીર્થપ્રેમીઓએ વાંચવા લાયક છે.

**નમસ્કાર સ્વાધ્યાય :** પ્રકાશક : જૈન સાહિત્ય વિકાસ મંડળ–વિલેપારલે, મુંબઈ–૨૪. અનુવાદકો: પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય, મુનિશ્રી જંબૂવિજયજી, મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી.સંશોધક મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી. પ્રયોજક : શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી, બી.એ મૂલ્ય રૂ. ૨૦) વીસ રૂપીઆ.

મંત્રીશ્રીના નિવેદનમાં લખ્યા મુજબ સાતવર્ષ પહેલા આ 'નમસ્કાર સ્વાધ્યાય' જેવા વિસ્તૃત ગ્રન્થની શરૂઆત કરવામાં આવેલી. આ ગ્રન્થને સર્વાંગસંપૂર્ણ, માહિતીપૂર્ણ, બનાવવા પૂરતા પ્રયત્નો કરવામાં આવ્યા છે. આ ગ્રન્થની યોજના ઘણી ઉત્તમ છે 'નમસ્કાર મંત્ર'ની મહત્તા જોતાં તેના વિષેનું સંશોધનપૂર્ણ વિસ્તૃત માહિતીવાળા પુસ્તકની ઘણી જ જરૂર હતી. આ ગ્રન્થપ્રયોજકોએ એ કાર્ય ઉપાડી લઈ અતિ મહત્ત્વનું કાર્ય કર્યું છે. આવા કાર્યમાં પ્રયોજકોએ અનેક સંસ્થાઓ અને વ્યક્તિઓ પાસેથી હસ્તપ્રતો મેળવવામાં પણ અથાગ પરિશ્રમ લીધો છે, તે આ પુસ્તકને અદ્યતન પદ્ધતિએ તૈયાર કરવાની પ્રયોજકોની ધગશ સૂચવે છે.

વળી, આ પુસ્તકની શુદ્ધિ જાળવવા તેમાં પૂ. મુનિશ્રી જંબૂવિજયજી. પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય, મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી, મુનિશ્રી પુણ્યવિજયજી તથા અન્ય વિદ્વાન મુનિવર્યોનો સાથ મેળવી પુસ્તકને ઉત્તમ અને નમૂનેદાર બનાવવા માટે પ્રયોજકોએ ખુબ પ્રયાસ કર્યો છે અત્રે તે માટે પ્રયોજકો તેમજ સહકાર આપનારા સૌ વિદ્વાન મુનિવર્યો ખરેખર યશના અધિકારી છે.

આ વિસ્તૃત ગ્રન્થમાં નમસ્કાર મંત્ર અંગે તાત્ત્વિક વિચારણા, તત્સંબંધી સ્તોત્રો, ધ્યાન વિષે વિસ્તૃત સમજણ, ઉપયોગી મંત્રો અને ચિત્રો આપી આ ગ્રન્થને ઉચ્ચકોટીનો બનાવવામાં આવ્યો છે.

આ વિષયના અભ્યાસીઓને આ પુસ્તક વાંચી જવા અમે ખાસ ભલામણ કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રીમદ્ રાજચંદ્ર જીવનપ્રભા** —લે. જિજ્ઞાસુ. સંપાદક અમુલખ નાગરદાસ શેઠવાળા. મૂલ્ય સદુપયોગ. પ્રાપ્તિસ્થાન છોટાલાલ મગનલાલ દેસાઈ, પોસ્ટેજ ચાર આના, સાયલા (સૌરાષ્ટ્ર)

આ નાનકડા પુસ્તકમાં શ્રીમદ્ રાજચંદ્રજીનું જીવન તેમજ તેમની વાણી આપવામાં આવી છે. પુસ્તકની શરૂઆતમાં તેમનું જીવન આપ્યું છે અને પછીના પૃષ્ઠોમાં શ્રીમદ્ રાજચંદ્ર અને તેમની વાણી ઉપર મનનીય વિચારો દર્શાવતા લેખો આપવામાં આવ્યા છે. તેઓ એક સમર્થ જૈન વિચારક હતા અને તેમનું જીવન ઉચ્ચ કોટિનું હતું. તેમના ઉપદેશનો પ્રભાવ મહાત્મા ગાંધીજી ઉપર પણ સારી રીતે પડેલો જોવાય છે. તેમના આ લેખોથી તેમના વિચારો સમજવામાં સરળતા પડશે અને વાંચકો તેમના વિચારો સમજી શકશે. એ રીતે આ લેખો ચરિત્રનાયકની વાણી ઉપર સારો પ્રકાશ પાડે છે. દરેક જિજ્ઞાસુને આ પુસ્તક વાંચી જવા ભલામણ કરીએ છીએ.

**શ્રી મહેન્દ્ર જૈનપંચાંગ ;** (વર્ષ ૨૭ મું) કર્તા પૂજ્ય આચાર્યશ્રી વિજયવિકાશચંદ્રસૂરીશ્વરજી.

શ્રી મહેન્દ્ર પંચાંગ–સૂક્ષ્મ (સાયન ગણિતવાળું) આ પંચાંગ છવીશ વર્ષથી કર્તા આ શ્રી વિકાશચંદ્રસૂરીશ્વરજી જૈન જૈનેતર પ્રજા સમક્ષ મુકી મહાન ઉપકાર કરે છે. સાયન અને નિરયન પદ્ધતિ પ્રમાણે દર વર્ષે જ્યોતિષીઓ ઘણા પંચાંગો પ્રગટ કરે છે. પરંતુ જેમને સૂક્ષ્મમાં સૂક્ષ્મ (સાચો) સમયની જરૂર હોય તેમની આ પંચાંગ જરૂરીઆત પૂરી પાડે છે. જૈનોએ પોતાના ધાર્મિક અને વ્યવહારિક પ્રસંગો નક્કી કરવા માટે આવું જૈન દૃષ્ટિએ સંપાદન પામેલું પંચાંગ હવે અપનાવી લેવાની અમે ભલામણ કરીએ છીએ. કિંમત રૂ. એક.

આ પંચાંગ આ સંસ્થામાંથી વેચાતું મળી શકે છે.

**પરિચય પુસ્તિકાઓ :** પરિચય ટ્રસ્ટ વતી જયવદન તકતાવાળા.

આ પરિચય પુસ્તિકાઓ જીવનના વિવિધ પ્રશ્નો અંગે ઘણી ઉપયોગી માહિતી સરળભાષામાં આપે છે. લોકશાહીમાં દરેક નાગરિક ગમે તેટલી બીજી પ્રવૃત્તિઓમાં મગ્ન હોય તો પણ, સમાજ અને રાષ્ટ્રના વિવિધ પ્રશ્નોની સમજ તેને હોવી જરૂરી છે, પણ એવી સમજ માટે તેને આજે ધમાલીયા જીવનમાં અવકાશ મળતો નથી. આવી પુસ્તિકાઓ તે મુશ્કેલી થોડે ઘણે અંશે ઓછી કરે છે, તે દરેક નાગરિકને ઉપયોગી વિવિધ વિષયોનું જ્ઞાન ટૂંકમાં આપે છે, વળી આ પુસ્તિકાઓની મુખ્ય વિશિષ્ટતા એ છે કે જે વિષયની પુસ્તિકા હોય તે વિષયના સાચા જાણકાર પાસે એ તૈયાર કરાવવામાં આવે છે. તેથી આ પુસ્તિકાઓની માહિતી ઊંડા તલસ્પર્શી જ્ઞાનપર રચાયેલી હોઈ ખાત્રીવાળી હોય છે.

નીચેની પુસ્તિકાઓ પ્રસિદ્ધ થઈ ચુકી છે.

ઠંડુયુદ્ધ. આપણું લશ્કર. ભાડુત અને મકાન માલિક. પ્લાસ્ટીકની કથા, લોથલ, પાયાની કેળવણી, પોષક ખોરાક મોંઘો નથી. લેકા, માટીદ્વારા તંદુરસ્તી, વીમો ઉતરાવતા પહેલા, ગાવા જેવા ગરબા, જ્ઞાતિઓ ક્યાંથી આવી, એલચીની કામગીરી, કામદાર સંઘો શા માટે? નાગા લોકવીરો જાણવા જેવું, બેંકો શા માટે? જીવ ક્યાંથી આવ્યો? બાળક સાથે વાતો કેમ કરશો? પબ્લિક સર્વિસ કમિશન, સમાચાર સંસ્થામાં, સિંધી સાહિત્યમાં ડોકીયું, આપણું અજાયબ શરીર, ભાવો કેમ ઊંચા રહે છે? નાના ઉદ્યોગો શા માટે? અણુશક્તિ; ભસ્માસુર કે કલ્પવૃક્ષ? બાળકો ક્યારે ગુના કરે છે? કાર્ટૂનની કથા, આફ્રિકામાં અંધારૂં નથી, ટેલીવીઝન શું છે? હજી ખાદી શા માટે? અવકાશની યાત્રા

સૌએ આ પુસ્તિકાઓ વાંચી જવા જેવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અવસાન નોંધ

## શ્રી લલ્લુભાઇ કરમચંદ દલાલ,

સં. ૨૦૧૭ના ભાદરવા વદિ ૧૧ ગુરૂવારે ૮૧ વરસની વૃદ્ધ વયે, મુંબઈ ખાતે શ્રી લલ્લુભાઈ કરમચંદ દલાલનું દુઃખદ અવસાન થયાની નોંધ લેતા અમો અમારી સમવેદના વ્યક્ત કરીએ છીએ.

તેઓશ્રીના અવસાનથી, આપણને જુની પેઢીના એક ધર્મપ્રેમી, સેવાભાવી અને શિક્ષણપ્રેમી સજ્જનની ન પુરી શકાય તેવી ખોટ પડી છે.

તેઓશ્રીનું મુળ વતન વીજાપુર ( ગુજરાત ) હતું. અને ઝવેરાતનો તેમનો મુખ્ય વ્યવસાય હતો. જીવનમાં ચડતી–પડતીના વાવંટોળ વચ્ચેથી તેઓશ્રી પસાર થયા હતા એમ છતાં પોતાનો ધર્મપ્રેમ, સેવાભાવના અને આધ્યાત્મિક રસ જીવનના અંતકાળ સુધી તેઓશ્રીએ એકધારો ટકાવી રાખ્યો હતો.

આચાર્યશ્રી બુદ્ધિસાગરસુરીશ્વરજીના તેઓ પરમ ઉપાસક હતા. અને આધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળના સ્થાપિતકાળથી જ તેઓશ્રી તેના સંચાલનમાં સારો રસ ધરાવતા હતા, પાલીતાણા જૈન ગુરૂકુળના મંત્રી તરીકે તેઓશ્રીએ ઘણા લાંબા કાળ સુધી સેવા બજાવી હતી. અને અન્ય સંસ્થાઓ તથા સેવા કાર્યમાં તેઓ સારો રસ ધરાવતા હતા.

આ સભાના પણ તેઓશ્રી આજીવન સભાસદ હતા. અને સભાના વિકાસમાં તેઓ સારો રસ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી સભાને એક સેવાભાવી સભ્યની ખોટ પડી છે. અમો સદ્‌ગતના આત્માની ચિરશાન્તિ પ્રાર્થીએ છીએ.

## શેઠ કુંવરજી જેઠાભાઇ

સંવત ૨૦૧૭ના આસો સુદી ૧૩ ને શનીવારે અઠ્ઠાશી વર્ષની ઉંમરે ભાવનગર મુકામે તેઓશ્રીનું દુઃખદ અવસાન થયું છે, તેઓ આપણી સભાના આજીવન સભાસદ હતા. તેમના અવસાનથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે, તેઓશ્રીના આત્માને અનંત શાંતિ પ્રાપ્તિ થાઓ તેમ પ્રાર્થના કરીયે છીએ.

## ડાક્ટર વિઠ્ઠલદાસ જીવરાજ દોશી

સંવત ૨૦૧૭ આસો સુદી ૧૩ ને શનીવારે અડસઠ વર્ષની ઉંમરે અમદાવાદ ખાતે સ્વર્ગવાસી થયેલ છે. તેઓ આપણી સભાના આજીવન સભાસદ હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે. સ્વર્ગસ્થના આત્માને પરમાત્મા પરમ શાંતિ અર્પે તેમ ઇચ્છીએ છીએ.

## શ્રી મૂળચંદભાઇ શાહ

તા. ૧૭–૯–૧૯૬૧ રોજ મુંબઇમાં થયેલ તેઓશ્રીના અકાળ અવસાન પરત્વે અમે ઊંડી દુઃખની લાગણી વ્યક્ત કરીએ છીએ. તેઓશ્રી મેસર્સ: લલ્લુભાઈ ગુલાબચંદ ઝવેરીની પેઢીના ભાગીદાર હતા અને આ સભાના પેટ્રન હતા. તેઓશ્રીએ વ્યાપારી ક્ષેત્રે ખ્યાતિ મેળવી હતી એટલું જ નહીં પણ તેઓ જૈન સમાજમાં અનેકવિધ પ્રવૃત્તિઓમાં અને ખાસ કરીને જીવદયાની પ્રવૃત્તિઓમાં ઘણો જ સક્રિય અને અને અગ્રગણ્ય ભાગ લેતા હતા. તેમના દુઃખદ અવસાનથી જૈન સમાજને એક કાર્યકુશળ કાર્યકર્તાની ખોટ પડી છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને પરમ શાંતિ આપે તેવી અમે પ્રાર્થના કરીએ છીએ.

## શેઠશ્રી જવાહરલાલજી નાહટા.

સં. ૨૦૧૭ના આસો વદી ૧૩. તા. ૨૧–૧૦–૬૧ શનિવારના રોજ જયપુરમાં સ્વર્ગવાસી થયેલ છે. તેઓ આપણી સભાના આજીવન સભાસદ હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે. તેઓશ્રી ધર્મ પ્રત્યે ખુબ પ્રેમ ધરાવતા હતાં. તેમના આત્માને પરમકૃપાળુ શાશ્વત શાંતિ આપે તેજ પ્રાર્થના.

## શેઠશ્રી ભોગીલાલ હાલાભાઇ,

સં. ૨૦૧૭ ના ભાદરવા સુદી ૭ મંગળવાર તા. ૧૨–૧૦–૬૧ ના રોજ પાટણ મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓ આપણી સભાના આજીવન સભ્ય હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે. તેઓ ખુબ ધર્મશ્રદ્ધાળુ હતા. તેમનો આત્મા પરમ શાંતિ પામે તેમ અમે પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Reg. No 431

# સુખ અને સગવડ

આ જગતમાં માનવી સુખ ઝંખે છે અને દુઃખથી દૂર ભાગે છે. પરંતુ સુખનું સ્પષ્ટચિત્ર એની દૃષ્ટિ સમક્ષ ન હોવાથી સુખ પાછળની આંધળી દોટ એની આસપાસ અનેક દુઃખો ઊભાં કરે છે. આ વિષચક્રમાં અટવાયેલો માનવી મૃગજળ પાછળ દોડતાં હરણની પેઠે દુઃખમાં જીવન પૂરું કરે છે. વહેવારમાં 'સુખ સગવડ' શબ્દ આપણે વાપરીએ છીએ, પરંતુ સુખ અને સગવડ એ બન્ને જુદી જુદી વસ્તુઓ છે. સગવડમાં જ જો સાચું સુખ હોય તો આજની આશ્ચર્યજનક વૈજ્ઞાનિક સગવડોના યુગમાં કોઈ દુઃખી જ ન હોય ! છતાંય આપણે જોઈએ છીએ કે પહેલાં કરતાં આજના યુગમાં દુઃખનું પ્રમાણ વધ્યું છે. એટલે સગવડમાં હંમેશાં સુખ હોતું નથી. હા, સુખાભાસ હોય ખરો. અને એથી જ તો માનવી આટઆટલી ભૌતિક સિદ્ધિઓ પ્રાપ્ત કર્યા છતાં સુખનો અનુભવ કરી શકતો નથી.

આજે માનવી અવકાશમાં હજારો માઈલનું અંતર કાપી શકે છે. પરંતુ એક ટેબલના સામસામે છેડે બેઠેલા માનવીઓ કોઈ પણ સમજુતીના પ્રશ્ન માટે તેમની વચ્ચે પડેલું એ બે ફુટનું અંતર પણ કાપી શકતા નથી. આજે માનવી અણુના હૃદયમાં ડોકિયું કરી શકયો છે, પરંતુ માનવી–માનવીના હૃદયમાં ડોકિયું કરવા અશકત બન્યો છે. માનવજીવનની એ કેટલી કરુણતા છે ?

સાચી વાત એ છે કે સુખ એ બહારથી મેળવી શકાય એવી વસ્તુ નથી. ગાડીઘોડા, બાગબગીચા, નોકરચાકર, સત્તાસંપત્તિ, મોટર બંગલા, ધન વૈભવ વગેરેમાં જો સુખ હોત તો માનવીએ ઇચ્છેલી હદે એ મળતાં તેને વધારે મેળવવાની ઇચ્છા ન થાત. પણ આપણે જાણીએ છીએ કે માનવીની તૃષ્ણાને કદી છેડો આવતો નથી. વ્યસનીનાં વ્યસન પેઠે હંમેશાં તેની માત્રા વધારવાથી જ તેને સુખાભાસનો અનુભવ મળે છે. પરંતુ વ્યસન તંદુરસ્તીની નિશાની નથી તેમ તૃષ્ણાનું વધ્યે જવું એ સાચું સુખ નથી.

સુખ એ મનનું કારણ છે અને મનમાં—પ્રાદુર્ભૂત થતાં સાત્વિક આનંદ છે. શરદપૂર્ણિમાની સુધા વરસાવતી શીતળ ચાંદની કોઈ પ્રેમી-યુગલને પરમ આનંદનો અનુભવ કરાવશે, જ્યારે એ જ ચાંદની આંધળાની લાકડી સમા એકના એક યુવાન પુત્રના અકાળ અવસાનથી હૈયાફાટ રૂદન કરતી કોઈ વૃદ્ધ માતાને અગ્નિજ્વાળાઓનો સાક્ષાત્કાર કરાવશે. કારણ ? કારણ કે સુખ કે દુઃખ એ ચંદ્રનો ગુણ નથી. તેનો મૂળ સ્રોતો તો માનવીમાં પડેલો હોય છે. માનવીનાં મનમાં પડેલી આ સુખની ખાણની શોધ કરવી એ માનવજીવનનું પરમ કર્તવ્ય છે.

'મેઘદૂત'માંથી.

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only